**१२०१. असच्चोवाहिसच्च - असत्योपाधिसत्य ( न. )**

*(શબ્દ અને અર્થ સહિતપણે અસત્યની ઉપાધિવાળું અસત્ય, વિશેષસહિત સામાન્ય)*

**१२०२. असज्जं - असज्जत् ( त्रि. )**

*(સંગ નહિ કરતો)*

*પાણીનો સંગ જો દૂધ સાથે થાય તો તે આહારને યોગ્ય બને છે. અને જો તે જ પાણી કાદવ સાથે ભળે તો અસ્પૃશ્ય બને છે. પાણી એનું એ જ છે ફરક છે તો માત્ર સંગનો. તમારો સંગાથ, પરિચય કોની સાથે છે તે મહત્ત્વનું છે. જેનો સંગ વ્યક્તિને નિંદનીય અને ત્યાજ્ય બનાવે તેવો સંગ સારા જીવનની અપેક્ષાવાળા તથા સમજદાર પુરુષો કદાપિ કરતાં નથી. જેઓ દુર્જનો સાથે સંગતિ નથી કરતાં તેઓ ક્યારેય પણ દુખી થતાં નથી.*

**१२०३. असज्जमाण - असज्जत् ( त्रि. )**

*(સંગ નહિ કરતો)*

*જેઓ દુર્જનોની સંગતિ નથી કરતાં. જેઓ કામભોગોમાં ક્યારેય આસક્ત નથી થતાં તથા જેઓ સાંસારિક ભાવોમાં વહી નથી જતાં. તેવા મનુષ્યો મનુજ ભવમાં હોવા છતાં દેવ સમાન જ છે. તેમનું જીવન દેવકક્ષાથી જરાય ઉતરતું નથી.*

**१२०४. असज्झ - असाध्य ( त्रि. )**

*(અસાધ્ય, અશક્ય)*

*જેમનો સ્વભાવ ચિડીયો, કંજૂસ, ક્રૂર, ઝઘડાખોર, વાત વાતમાં વાંકુ પાડવાનો થઈ ગયો હોય. જે સ્વભાવને સુધારવો લગભગ અશક્ય બની ગયો હોય. કદાચ તેવા વિચિત્ર સ્વભાવના લોકોને ધ્યાનમાં રાખીને જ લોકોક્તિ બની હોય કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. જીવનમાં તે ક્યારેય બદલાતાં નથી. ધ્યાન રાખજો કે આપણાં માટે તો પાછળથી આવું નથી બોલાતું ને !*

**१२०५. असज्झाइय - अस्वाध्यायिक ( न. )**

*(સ્વાધ્યાયને અટકાવનાર કારણવિશેષ, બત્રીસ અસજ્ઝાયોમાંનું કોઈ એક)*

*સ્વાધ્યાય તે સાધુના શ્વાસોશ્વાસ સમાન છે. શાસ્ત્રોનું અધ્યયન થતું રહે ત્યાં સુધી સાધુજીવનના ભાવપ્રાણ જીવિત રહે છે. સ્વાધ્યાય તે શ્રમણ જીવનનું એક અભિન્ન અંગ છે. આવા સ્વાધ્યાયમાં ખલેલ પાડનારા, તેને અટકાવનારા કુલ બત્રીસ કારણો શાસ્ત્રોમાં કહેલ છે. તેવા બત્રીસ કારણો ઉપસ્થિત થયે છતે સાધુને સ્વાધ્યાય કરવાનો નિષેધ કરવામાં આવેલ છે. જેમ કે જ્યાં સ્વાધ્યાય કરવાનો હોય તે સ્થાનમાં લોહી, પરુ, માંસ, મૃત્યુ વગેરે થયું હોય તો તે દિવસ અસજ્ઝાયનો ગણવો. અર્થાત્ તે દિવસે સાધુએ આગમિક શાસ્ત્રોનો અભ્યાસ ન કરવો. તે કારણ દૂર થયે છતે પુનઃ સ્વાધ્યાય કરવામાં કોઈ બાધ નથી.*

**१२०६. असज्झाइयणिज्जुत्ति - अस्वाध्यायिकनिर्युक्ति ( स्त्री. )**

*(આવશ્યકસૂત્રગત પ્રતિક્રમણ અધ્યયનમાં ભદ્રબાહુસ્વામીએ રચેલ નિર્યુક્તિ)*

**१२०७. अशढ - अशठ ( पुं. )**

*(કપટરહિત, સજ્જન, રાગદ્વેષરહિત)*

*શાસ્ત્રમાં અશઠનું સ્વરૂપ વર્ણવતાં લખ્યું છે કે સરળ સ્વભાવવાળા અશઠ પુરુષોના ચિત્તમાં જેવું હોય છે. વચન પણ તે પ્રમાણેનું જ હોય છે. તથા જે પ્રકારનું વચન હોય છે તેમની પ્રવૃત્તિ પણ વચનને અનુસરનારી હોય છે. અર્થાત્ તેમના વિચાર, વાણી અને વર્તનમાં વિપરીતતા હોતી નથી. આથી તેઓ લોકમાં વિશ્વસનીય અને પ્રશંસનીય હોય છે. જ્યારે માયાવી પુરુષના ચિત્ત, વચન અને ક્રિયા ત્રણેય પરસ્પર બાધિત હોવાથી તેઓ કોઈના પણ વિશ્વાસપાત્ર બનતા નથી.*

**१२०८. असढकरण - अशठकरण ( पुं. )**

*(નિષ્કપટભાવે અનુષ્ઠાન કરનાર)*

*જિનશાસનમાં સ્ત્રીતીર્થંકર નામક એક આશ્ચર્ય થઈ ગયું. જિનશાસન પુરુષ પ્રધાન છે આથી તે શાસનની સ્થાપના કરનાર તીર્થંકર ભગવંતો પણ નિયમા પુરુષ જ હોય. કિંતુ આ અવસર્પિણી કાળની ચોવિસીમાં ઓગણીસમાં તીર્થંકર મલ્લિનાથ ભગવંત પુરુષ તીર્થંકર નહિ કિંતુ સ્ત્રીતીર્થંકર થયા. તેની પાછળ મુખ્ય કારણ પૂર્વભવમાં તેઓએ કરેલ કર્મબંધ હતો. પૂર્વના ભવમાં છ મિત્રોએ એક સાથે તપ અનુષ્ઠાન સાથે અને સમાન કરવાનો નિશ્ચય કર્યો હતો. કિંતુ વધારે તપ કરવાની અને પુણ્યબંધ કરવાની લાલચમાં તેઓ મિત્ર પાસે ખોટું બોલીને વધુ તપ કરતાં હતા. તપના પ્રભાવે તીર્થંકર નામકર્મ તો બાંધ્યું પણ સ્ત્રીવેદે. ધર્માનુષ્ઠાન પણ નિષ્કપટ ભાવે કરવાનું શાસ્ત્રીયવિધાન છે. અશઠભાવે અનુષ્ઠાન કરનાર આત્માને યોગાવંચક કહેલ છે.*

**१२०९. असढभाव - अशठभाव ( पुं. )**

*(અમાયાવી, કપટરહિત)*

**१२१०. असण - अशन ( न. )**

*(૧. ભોજન, આહાર ૨. વૃક્ષવિશેષ)*

*શાસ્ત્રમાં અશનની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે* '**आशु क्षुधां शमयति इति अशनं**' *અર્થાત્ જે આહાર તત્કાલમાં ભૂખને શમાવે તેને અશન જાણવું. શાસ્ત્ર તેની આગળ વધતાં કહે છે કે લોકમાં ભૂખને શમાવનારા આહાર ઘણા બધા પ્રકારના છે. પરંતુ તેમાંથી કેવો આહાર ગ્રહણ કરવો અને કયો ગ્રહણ ન કરવો તેનો વિવેક મનુષ્ય પાસે સ્વયં હોવો જોઇએ. અન્યથા વિવેકબુદ્ધિને બાજુ પર મૂકીને જે તે ખાનારમાં અને પશુમાં કોઈ જ અંતર રહેતું નથી.*

**१२११. असणग - अशनक ( पुं. )**

*(બીજક નામે વૃક્ષવિશેષ)*

**१२१२. असणदाण - अशनदान ( न. )**

*(આહારદાન, ભોજનદાન)*

*સાધુને ચારિત્રાચારના પાલનમાં તથા કર્મનિર્જરામાં કારણભૂત એવા આહારનું દાન શાસ્ત્રમાં ખૂબ વખણાયું છે. પરમાત્મા મહાવીરદેવે પ્રથમ નયસારના ભવમાં સાધુને આહારનું દાન કરીને બદલામાં સમકિતની પ્રાપ્તિ કરી હતી. તેમજ આર્યા સુલસાએ ચઢતા પરિણામે આહારનું દાન કરીને તીર્થંકરકર્મનું ભાથુ બાંધ્યું હતું. તો દરરોજ દેવલોકમાંથી નવ્વાણું પેટીઓ જેના ઘરમાં ઉતરતી હતી તે શાલિભદ્રની સમૃદ્ધિ પણ માસક્ષમણના તપસ્વી સાધુને આપેલ ભિક્ષાને જ આભારી હતી.*

**१२१३. असणाइणिमंतण - अशनादिनिमन्त्रण ( न. )**

*(આહારાદિનું નિમંત્રણ આપવું તે, મળેલ ભિક્ષા વાપરવા માટે ગુરુ આદિને આમંત્રણ આપવું તે)*

*સાધુને શ્વાસોશ્વાસ લેવા, પચ્ચક્ખાણ કયું કરવું વગેરે ગુરુને પૂછીને જ કરવાનો શાસ્ત્રાદેશ છે. આથી સાધુને મળેલ આહાર, ઉપધિ, ઔષધિ, ઉપકરણાદિ ઉપર પણ ગુરુનો હક અબાધિત છે. શાસ્ત્રમાં કહેલ છે કે મળેલ આહારાદિ માટે સાધુએ પ્રથમ ગુરુને આમંત્રણ આપવું જોઈએ. ગુરુને વંદન પૂર્વક કહેવું જોઈએ કે હે ગુરુદેવ ! આપની કૃપાએ મને ભિક્ષા પ્રાપ્ત થઈ છે. આથી આપના શરીરને અનુકૂળ હોય તેવી ભિક્ષા આપ ગ્રહણ કરો. તથા શાસ્ત્રમાં શ્રાવકે સવારે વંદન કરીને પોતાના પર અનુગ્રહાર્થે સ્વગૃહે ભિક્ષાદિ લેવા માટે સાધુને આમંત્રણ આપવાનો આચાર ફરમાવેલો છે.*

**१२१४. असणि - अशनि ( पुं. )**

*(૧. વજ્ર, ઇંદ્રનું આયુધ ૨. આકાશમાંથી ખરતો અગ્નિનો કણ ૩. વિશેષ)*

*મહારાણા પ્રતાપની ઓળખાણ અપાવતું હથિયાર છે ભાલો. ઓરંગઝેબને પરસેવે રેબઝેબ કરનાર શિવાજી મહારાજનું હથિયાર હતી માં ભવાનીની તલવાર. તથા દેવલોકનું આધિપત્ય ભોગવનારા ઈંદ્રનું હથિયાર વજ્ર લોકમાં પ્રસિદ્ધ છે. આ બધા હથિયારો સ્વની રક્ષા તથા પરનો વિનાશ કરનારા કહેલા છે. જ્યારે ચૌદરાજલોકમાં શાંતિનો સંદેશો આપનારા પરમાત્મા મહાવીરના ક્ષમા, દયા, ઉપશમ વગેરે હથિયારો સ્વ અને પર બન્નેનું કલ્યાણ કરનારા કહેલા છે.*

**१२१५. असणिमेह - अशनिमेघ ( पुं. )**

*(કરાનો વરસાદ)*

**१२१६. असणी - अशनी ( स्त्री. )**

*(બલેંદ્રના લોકપાલ સોમની ચોથી પટ્ટરાણી)*

**१२१७. असण्णि ( ण् ) - असंज्ञिन् ( पुं. )**

*(અસંજ્ઞી જીવ, મનની સંજ્ઞારહિત જીવ)*

*પૂર્વકાળનું જ્ઞાન, ભવિષ્યકાળનો બોધ, સ્મરણાદિ સંજ્ઞા જેને હોય તેવા જીવો સંજ્ઞી છે. પરંતુ જે જીવો સ્મરણાદિરૂપ મનોજ્ઞાનથી વિકલ છે. તેવા જીવો શાસ્ત્રમાં અસંજ્ઞી તરીકે નિર્દિષ્ટ કરાયા છે. એકેંદ્રિયથી લઈને યાવત્ પંચેંદ્રિય સુધીના જીવો અસંજ્ઞી સંભવી શકે છે.*

**१२१८. असण्णिआउय - असंज्ञ्यायुष् ( न. )**

*(અસંજ્ઞી જીવે બાંધેલ પરભવનું આયુષ્ય)*

**१२१९. असण्णिभूय - असंज्ञिभूत ( पुं. )**

*(મિથ્યાદષ્ટિ જીવ)*
*શાસ્ત્રમાં મિથ્યાદષ્ટિ જીવોનો અસંજ્ઞી તરીકે ઉલ્લેખ કરાયો છે. કેમકે તે જીવો મિથ્યાત્વરૂપી ગાઢ અંધકારમાં ડૂબેલા હોઈ સત્યાસત્યના જ્ઞાનથી ભ્રમિત હોય છે. તેઓ સત્યને અસત્યરૂપે અને અસત્યને સત્યના સ્વરૂપે જોનારા હોય છે. આવા જીવો પોતાનું હિત કે અહિત શેમાં છે તેનાથી અજાણ હોય છે. માટે તેવા જીવો તાત્ત્વિક રીતે તો અસંજ્ઞી જ છે.*
**૧૨૨૦. असण्णिसुय – असंज्ञिश्रुत ( न. )**
*(મિથ્યાદષ્ટિ શ્રુત)*
*જેમ મિથ્યાદષ્ટિ જીવ અસંજ્ઞી છે તેમ તેવા મિથ્યાદષ્ટિ જીવો દ્વારા રચવામાં આવેલ શાસ્ત્રો, ગ્રંથો તે પણ મિથ્યાત્વનો પ્રચાર-પ્રસાર કરનાર હોવાથી અસંજ્ઞીશ્રુત છે. નંદીસૂત્રમાં કાલિકોપદેશ, હેતૂપદેશ અને દષ્ટિવાદોપદેશ ભેદે ત્રણ પ્રકારે કહેલા છે.*
**૧૨૨૧. असण्णिहिसंचय – असन्निधिसंचय ( पुं. )**
*(જેની પાસે વાસી ભોજન નથી તે, યુગલિક મનુષ્ય)*
*વર્તમાન સમયમાં જે માણસને તાજું અને તૈયાર ગરમ ગરમ ખાવાનું મળે તે નસીબદાર કહેવાય. કેમ કે માણસનો સમય, આહાર અને પસંદ જ એવી થઈ ગઈ છે કે તેને તાજો આહાર મળવો દુર્લભ જ નહિ અશક્ય બની ગયો છે. એક તો તેના ખાવાનો કોઈ નિશ્ચિત સમય નથી રહ્યો. તેમજ તેને ચાઈનીઝ, ઈટાલીયન, ફ્યુઝન ફૂડ જેવું પસંદ આવે છે. જે ક્યારેય તાજું મળી ન શકે. પૂર્વના કાળમાં જેઓ વાસી ખાતાં તેઓ ગરીબ અને દુર્ભાગી કહેવાતાં હતાં. જૈન હોય કે જૈનેતર બધા જ લોકો તાજું અને ગરમાગરમ આહાર વાપરનારા હતાં.*
**૧૨૨૨. असती – असती ( स्त्री. )**
*(અલાભ, અપ્રાપ્તિ)*
*ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થતાં માણસ હતાશ અને નિરાશ થઈ જાય છે. પદાર્થ પ્રાપ્ત ન થવા પાછળ તે અન્ય કોઈ વ્યક્તિ, નિમિત્ત કે પાતાના નસીબને દોષ દેતો હોય છે. જ્યારે હકીકતમાં ઈચ્છિત પદાર્થનો અલાભ અંતરાયકર્મને આભારી છે. તે કર્મ વ્યક્તિએ સ્વયં નિર્માણ કર્યું હોય છે. જો અંતરાય કર્મનો ક્ષય થઈ જાય તો દુનિયામાં એવી કોઈ સામગ્રી નથી કે જે પ્રાપ્ત ન થાય. આથી ખોટી દિશામાં દોડવાને બદલે સાચી દિશામાં પ્રયત્ન ચાલુ કરી દેવો જોઈએ. જેથી બીજાનો દોષ કાઢવાનો વારો ન આવે.*
**૧૨૨૩. असत्त – अशक्त ( त्रि. )**
*(અસમર્થ, બળહીન)*
*લૌકિક જગતમાં શારીરિકબળ કે ધનબળાદિ રહિત વ્યક્તિને નિર્બળ અને અસમર્થ કહેવામાં આવે છે. જ્યારે લોકોત્તર જગતમાં જેઓનું પોતાના મન ઉપર, પોતાની ઈચ્છાઓ ઉપર કે ભાવો ઉપર કાબૂ નથી તેવા લોકોને નિર્બળ અને અસમર્થ કહેલા છે. જો આપણે આપણા મન કે ઈચ્છાઓને રોકી ન શકતા હોઈએ તો પછી આપણે શૂરવીર કે બળવાન કેવી રીતે કહેવાઈએ ?*
**૧૨૨૪. ★असक्त ( त्रि. )**
*(અનાસક્ત, નિર્મોહી, રાગરહિત)*
*આચારાંગસૂત્રની ટીકામાં અનાસક્તની વ્યાખ્યા આ પ્રમાણે કરેલ છે. જેઓ રાગનું બળ નાશ પામવાથી તૃણ કે મણિ, પત્થર કે સોનાને વિષે સમદષ્ટિને પામેલા છે. જેઓ પાપકર્મ કરવામાં અસક્ત છે. તેમજ જેઓ પાપ અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત નથી તેવા જીવોને અનાસક્ત જાણવા.*
**૧૨૨૫. ★असत्त्व ( न. )**
*(પરરૂપે અવિદ્યમાનપણું)*
*એક ચિંતકે બહું જ સરસ ચિંતન કર્યું છે. અરિસામાં મારું રૂપ જોયું અને મોઢા પર ડાઘ દેખાયો. લાગ્યું કે અરિસા પર ધૂળ જામેલી છે એટલે અરિસો સાફ કર્યો. ફરી જોયું તો ડાઘ ત્યાંનો ત્યાં જ હતો. વળી પાછો અરિસો સાફ કર્યો. આ પુનરાવૃત્તિ વારંવાર ચાલી પરંતુ ડાઘ ન ગયો. પછી ખબર પડી કે અરિસામાં ડાઘનું જ્ઞાન તે ભ્રમ હતો. કેમકે ડાઘ મોઢા પર હતો અને હું અરિસો સાફ કરતો હતો. બસ આવું જ કંઈક છે આત્મા અને કર્મનું. કર્મરૂપી દૂષણ આત્મા પર લાગેલ છે અને જીવનમાં આવતી તકલીફોનો દોષ આપણે બીજાને આપીએ છીએ. કર્મની વિદ્યમાનતાના કારણે આપણે આપણી સાચી ઓળખ ભૂલી ગયા છીએ. માટી ક્યારેય સોનું બની નથી શકતી તેમ આત્મિકગુણો ક્યારેય દુર્ગુણો બની નથી શકતા. જરૂર છે તેને ઓળખવાની તે તરફ ડગ માંડવાની.*
**૧૨૨૬. असत्ति – अशक्ति ( स्त्री. )**
*(સંયોગનો અભાવ, સંપર્કનો અભાવ)*

**१२२७. असत्थ - अशस्त्र ( न. )**

*(નિરવદ્ય અનુષ્ઠાનરૂપ સંયમ)*

*અનુષ્ઠાન બે પ્રકારે સંભવે છે. ૧. સાવદ્યાનુષ્ઠાન અને ૨. નિરવદ્યાનુષ્ઠાન. જે પ્રવૃત્તિ દ્વારા અન્ય જીવોને પીડા, બાધા કે ઘાત થાય તેવા અનુષ્ઠાનો સાવદ્યાનુષ્ઠાન છે. તથા જે ક્રિયાથી બીજા જીવોને પ્રીતિ અને આનંદ ઉપજે તે અનુષ્ઠાન નિરવદ્ય જાણવા. જીવોની બલિ આપવા દ્વારા કરવામાં આવતા યજ્ઞો કે મહોત્સવો વસ્તુતઃ અસંયમ છે. જ્યારે જીવદયાના પાલનપૂર્વક કરવામાં આવતું સંયમનું પાલન મોક્ષનો હેતુ બને છે.*

**१२२८. असत्थपरिणय - अशस्त्रपरिणत ( त्रि. )**

*(શસ્ત્રથી નહિ હણાયેલ, સચિત્ત)*

*જે આહાર કે પાણી સ્વ, પર તથા ઉભય એમ ત્રણ પ્રકારના કોઈપણ શસ્ત્રથી ભેદ પામેલ હોય તેવા શસ્ત્રપરિણત આહારાદિ અચિત્તભોગી સાધુ કે શ્રાવકાદિને ગ્રાહ્ય બને છે. તેમજ જે આહારાદિ સ્વ, પર કે ઉભય શસ્ત્રથી ભેદ પામેલ નથી તે સચિત્ત અને જીવહિંસારૂપ હોવાથી સાધુ આદિ માટે અગ્રાહ્ય છે.*

**१२२९. असदायार - असदाचार ( पुं. )**

*(પાપના હેતુરૂપ પ્રવૃત્તિ, હિંસક પ્રવૃત્તિ)*

*ધર્મસંગ્રહ ગ્રંથમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહાદિ પાંચ, તત્ત્વ પ્રત્યે અશ્રદ્ધારૂપ મિથ્યાત્વ તથા ક્રોધાદિ ચાર કષાયોને પાપબંધના હેતુ માનેલા છે. જે જીવ કહેલા સ્થાનોમાં પ્રવૃત્તિ કરે છે તે નિયમા પાપકર્મોનો બંધ કરે છે. તથા જે જીવદયા, સત્યાદિ ગુણો દ્વારા તેનો નિગ્રહ કરે છે. તે કર્મોની નિર્જરા તથા પુણ્યનો બંધ કરે છે.*

**१२३०. असदारंभ - असदारम्भ ( पुं. )**

*(જીવવધાદિ પ્રવૃત્તિ, ખોટો આરંભ, હિંસક કૃષિકર્માદિ)*

*પૂર્વના કાળે ધન મેળવવા માટે કૃષિકર્મ, વહાણવટું, ધીરધારાદિ કાર્યો થતાં હતાં. જે હિંસક હોવાથી શાસ્ત્રીય ભાષામાં તેને અસદારંભ કહેવાયેલ છે. આજે જમાનો મોર્ડન થઈ ગયો છે. પ્રાણીઓ પર કે વહાણો દ્વારા વેપાર નથી થતાં. બસ ધન મેળવવા માટે મોટી મોટી ફેક્ટરીઓ, હેન્ડલૂમો, ફાઈનાન્સ બિઝનેસ તથા પાવર પ્રોજેક્ટો થાય છે. એક દેશમાં રહેલો માણસ અહીં બેઠા બેઠા બીજા દેશમાં પોતાની ફેક્ટરી ચલાવી શકે છે. પૂર્વે યંત્રો નહોતા કાર્યો ઓછા થતાં તેમ હિંસા પણ ઓછી હતી. આજે મશીનો છે. માણસો વધુ શક્તિશાળી બન્યા છે. પરંતુ સાથે સાથે હિંસા વધી છે. પાવર વધ્યો પણ અસદારંભ તો તેના તે જ રહ્યા.*

**१२३१. असद्द - अशब्द ( पुं. )**

*(૧. અપયશ, અપકીર્તિ ૨. શબ્દરહિત, નિઃશબ્દ)*

*આજે ઘણા બધા શહેરોમાં સો વર્ષ, દોઢસો વર્ષ, બસો વર્ષ જૂની પેઢીઓ જોવા મળે છે. તે પેઢીઓ સાથે વેપાર કરવાનો આવે એટલે લોકો આંખો બંધ કરીને વિશ્વાસ મૂકી દે છે. ઓહો ! શું વાત કરો છો ફલાણી પેઢી છે તો પછી વિચારવાનું હોય જ નહિ. કરો કંકુના ! તેની પાછળ કારણ છે તે પેઢીની સ્થાપના કરનાર પૂર્વજોની ઈમાનદારી પૂર્વકની મહેનત. તેઓ યશ મેળવવા માટે ન્યાય અને નીતિને પ્રાધાન્ય આપીને વેપાર કરતાં. અપયશ ન થઈ જાય તે માટે પૈસો જતો કરે પરંતુ વહેવાર ન બગાડે. આજે કરોડોનો બિઝનેસ કરતી મોટી મોટી કંપનીઓ બજારમાં છે. પરંતુ તેના પર વિશ્વાસ મૂકનારા કેટલા ?*

**१२३२. असद्दहंत - अश्रद्दधत् ( त्रि. )**

*(શ્રદ્ધા નહિ કરતો, શ્રદ્ધારહિત)*

*શ્રદ્ધા હોય તો પત્થરમાં પણ દેવ દેખાય છે. અને શ્રદ્ધા ન હોય તો દેવમાં પણ પત્થર દેખાય છે. શ્રદ્ધા હોય તો વિષ પણ જીવાડે છે અને શ્રદ્ધા ન હોય તો અમૃત પણ પ્રાણ હરે છે. મૂળ વાત છે શ્રદ્ધાની. શુદ્ધ ભાવપૂર્વકની શ્રદ્ધા હશે તો મૂર્તિરૂપે મળેલ અરિહંત પણ મોક્ષ અપાવશે. અને જો દિલમાં શ્રદ્ધાનો અભાવ હશે તો સાક્ષાત્ ભાવતીર્થંકર મળવા છતાં મોક્ષ તો શું શુભકર્મ પણ નહિ બાંધી શકાય.*

**१२३३. असद्दहण - अश्रद्दधान ( न. )**

*(નિગોદાદિ વાતો પર અવિશ્વાસ કરવો તે, અશ્રદ્ધા, અવિશ્વાસ)*

**१२३४. असप्पवित्ति - असत्प्रवृत्ति ( स्त्री. )**

*(અસુંદર પ્રવૃત્તિ, પાપકારી પ્રવૃત્તિ)*

*જીવન એક માર્ગ છે. તેની પર ચાલનાર આત્મા તે મુસાફર છે. રસ્તો જેમ સરળ, સીધો આવે તેમ ક્યારેક ખાડા ટેકરાવાળો પણ*

આવે છે. તેવી રીતે જીવનમાર્ગમાં સુખદ અને દુખદ એમ બે પ્રકારના પ્રસંગો આવે છે. વિવેકી પુરુષ જેમ ખાડા ટેકરાવાળા માર્ગમાં પણ ખાડામાં પડાય નહિ તેમ રસ્તો કરીને આગળ ચાલે છે. તેવી રીતે વિકટમાં વિકટ પરિસ્થિતિઓમાં સજ્જનો અસત્પ્રવૃત્તિનો ત્યાગ કરવા પૂર્વક સન્માર્ગે આગળ વધે છે.

**१२३५. असप्पलावि ( ण् ) - असत्प्रलापिन् ( त्रि. )**

*(અસત્ય બોલનાર, મિથ્યા પ્રલાપ કરનાર)*

આજના લોકોનો ગુરુમંત્ર છે **'બોલે એના બોર વેચાય'** પોતાનો માલ વેચવા માટે જેમ વેપારીઓ ઘણીવખત સાચું ખોટું કરતાં હોય છે. તેમ પોતાનો માર્ગ ચલાવવા અને લોકોને આકર્ષવા માટે અસદ્ધર્મ પ્રરૂપકો મિથ્યા પ્રલાપ કરતાં જોવા મળે છે. પિત્તળ પર સોનાનો ઢોળ ચઢાવીને ધર્મની લ્હાણી કરતાં હોય છે. પરંતુ તેમને ખબર નથી હોતી કે સોનાનું ઢોળ ચઢાવેલ પિત્તળ લાંબો સમય સુધી તેની ચમક જાળવી શકતું નથી. એક દિવસ તે પોતાની જાત બતાવીને જ રહે છે. સુવર્ણ સમાન સદ્ધર્મ ક્યારેય મલિન થતો નથી અને મલિનતા સભર અધર્મ ક્યારેય ઉજ્જ્વળતાને પામી શકતો નથી.

**१२३६. असबल - अशबल ( पुं. )**

*(નિરતિચાર ચારિત્ર, શુદ્ધ સંયમ)*

સ્વચ્છ અને સફેદ કાગળ પર ઢોળાયેલ રંગો કાગળની શ્વેતતાને નષ્ટ કરીને ચિત્રવિચિત્ર બનાવી દે છે. તે કાગળ પર ન તો સુંદર ચિત્ર દોરી શકાય છે કે ન તો તે દર્શનીય રહે છે. તેમ શાસ્ત્રોક્ત વિશુદ્ધ ચારિત્ર પર જે આત્મા વિવિધ પ્રકારના દોષો સેવીને મલિનતાના કાદવને ઢોળે છે. તે કર્દમમિશ્રિત ચારિત્ર નથી સદ્‌ગતિ અપાવી શકતું કે નથી સિદ્ધિગતિ પ્રાપ્ત કરાવી શકતું. તેવું ચારિત્ર માત્ર અધોગતિમાં લઈ જવાનું માધ્યમ બની રહે છે.

**१२३७. असबलायार - अशबलाचार ( पुं. )**

*(વિશુદ્ધ આચાર, શુદ્ધ આચાર)*

આચાર, વિચાર અને પ્રચાર તે સાંકળની જેમ એક બીજા સાથે સંકળાયેલ છે. શુદ્ધ આચાર તમારા વિચારોને શુદ્ધ કરે છે અને શુદ્ધવિચારોવાળો આત્મા હમેશાં શુદ્ધધર્મનો જ પ્રચાર કરે છે. જેનો આચાર અશુદ્ધ તેના વિચાર અને પ્રચાર પણ અશુદ્ધ જ હશે.

**१२३८. असब्भ - असभ्य ( त्रि. )**

*(સભામાં બેસવાને અયોગ્ય, દુર્જન)*

સભ્ય અને અસભ્યની વ્યાખ્યા લોકો બહુ સારી રીતે જાણે છે. જે વ્યક્તિ વિવેક અને મર્યાદાયુક્ત આચરણ કરે છે તે સભ્ય કહેવાય છે. તેમજ જે સભ્યતાથી વિપરીત આચરણ કરે છે તેને લોકો અસભ્ય અને નિર્લજ્જ કહે છે. શાસ્ત્રોમાં તો આનાથી પણ સૂક્ષ્મ વ્યાખ્યા કરવામાં આવી છે. જે માત્ર આચારમાં જ નહિ વિચારમાં પણ વિવેક નથી રાખતા તેઓ પણ અસભ્ય જ છે.

**१२३९. असब्भवयण - असभ्यवचन ( न. )**

*(દુષ્ટ વચન, દુર્વચન)*

સંત કબીરે શબ્દ માટે બહુ જ સરસ લખ્યું છે. '**शब्द शब्द क्यां करे शब्द को हाथ न पाँव, एक शब्द औषध करे ने दूजा करे घाव**' જેમ શરીર અને શસ્ત્રની તાકાત હોય છે. તેમ શબ્દોમાં પણ અપ્રતિમ શક્તિ રહેલી હોય છે. સભ્ય અને સુંદર વચનોથી લોકમાં પ્રિય અને આદરણીય બનાય છે. તો અસભ્ય વચનથી લોકમાં નિંદા અને તાડના થાય છે.

**१२४०. असब्भाव - असद्भाव ( त्रि. )**

*(૧. અવિદ્યમાન પદાર્થ ૨. અસત્ય, મિથ્યા)*

જે વસ્તુ ક્યારેય સંભવી ન શકે તેને શાસ્ત્રીય ભાષામાં અસદ્‌ભાવ કહેવાય છે. જેમ ગધેડાને માથે શિંગડા તે ક્યારેય હતાં નહિ અને થશે પણ નહિ. આકાશમાં ફૂલનું ખીલવું જે સર્વથા અસંભવ વસ્તુ છે. તેવી રીતે દુર્વ્યવહાર કે દુરાચારથી ધર્મની પ્રાપ્તિ કે પાલન ન ભૂતો ન ભવિષ્યતિ જેવું હોવાથી તે અસદ્‌ભાવ પદાર્થ છે.

**१२४१. असब्भावट्ठवणा - असद्भावस्थापना ( स्त्री. )**

*(જે ન હોય તેની કલ્પનાથી સ્થાપના કરવી તે)*

સદ્‌ભાવ સ્થાપના એટલે જે વસ્તુ વિદ્યમાન હોય તેમાં તેના ભાવની સ્થાપના તે સદ્‌ભાવ સ્થાપના જેમ વિદ્યમાન તીર્થંકરમાં તીર્થંકરત્વની સ્થાપના તે સદ્‌ભાવ સ્થાપના છે. તથા સ્થાપનાચાર્યના અક્ષમાં પંચપરમેષ્ઠી વિદ્યમાન ન હોવા છતાં પણ કલ્પના કરીને તેમાં પરમેષ્ઠીપણાની સ્થાપના તે અસદ્‌ભાવ સ્થાપના છે.

**१२४२. असब्भावपट्ठवणा - असद्भावप्रस्थापना ( स्त्री. )**
*(અસત્પદાર્થની કલ્પના)*
**१२४३. असब्भावुब्भावणा - असद्भावोद्भावना ( स्त्री. )**
*(અવિદ્યમાન પદાર્થનું ચિંતન)*
**१२४४. असब्भूय - असद्भूत ( न. )**
*(અસત્ય, ખોટું)*
*જગતમાં બે પ્રકારના પદાર્થો હોય છે. ૧. સદ્ભૂત જેને નજરે જોઈ શકાય, અનુભવી શકાય કે સાંભળી શકાય તેવા પદાર્થો સદ્ભૂત છે. તથા જેનું કોઇ પ્રકારનું અસ્તિત્વ જ નથી જેની કલ્પના કરવી પણ નિરર્થક છે તેવા પદાર્થો અસદ્ભૂત કે અસત્ય છે.*
**१२४५. असमंजस - असमञ्जस ( त्रि. )**
*(અસંગત, અઘટિત, અસુંદર)*
*ગૃહસ્થાવાસમાં ચૌદવિદ્યાના પારગામી તથા લોકમાં પૂજ્ય એવા અગ્યારે ગણધરોને શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન હોવા છતાં પણ દરેકના મનમાં કોઈકને કોઈક વિષયની શંકા હતી. વેદોના પાઠો અને તેના અર્થોમાં ક્યાંક અસમંજસતા રહી ગયેલ હતી. પરમકૃપાળુ મહાવીરદેવે તે ઉક્તિઓની અસંગતતા દૂર કરીને જ્યારે સમજણ આપી ત્યારે તેમના મિથ્યાત્વના અંધકારનો નાશ થયો અને સમ્યક્ત્વના સૂર્યનો ઉદય થયો.*
**१२४६. असमंजसचेट्ठिय - असमञ्जसचेष्टित ( न. )**
*(અઘટિત ચેષ્ટા કરવી તે, પ્રાણીવધાદિ ક્રિયા)*
*પંચેંદ્રિય મનુષ્ય કે પ્રાણીઓની હિંસા કરનારને આપણે નિર્દય અને અઘટિત ચેષ્ટાકારી માનીએ છીએ. તેવો પુરુષ નિયમા દંડને પાત્ર છે એમ સમજીને તેને દંડ પણ આપીએ છીએ. પરંતુ રોજબરોજની જીંદગીમાં વિના કારણે આડેધડ કાચા પાણીનો ઉપયોગ કરીને પાણીના જીવોની હત્યા, સ્વાદને પોષવા કંદમૂળોનું ભક્ષણ તથા પોતાની સુંદરતા વધારવા માટે હર્બલના નામે વનસ્પતિના જીવોનો કચ્ચરઘાણ કાઢતાં શું આપણે નિર્દયી કે અઘટિતચેષ્ટાકારી નથી ?*
**१२४७. असमण - अश्रमण ( पुं. )**
*(અસાધુ, સાધુત્વરહિત)*
*સામાન્યથી આપણે સાધુનો અર્થ એવો કરીએ છીએ કે જેમણે સંસારનો ત્યાગ કર્યો હોય. જેઓએ પંચમહાવ્રત સ્વીકાર્યા હોય તથા જેઓ શ્વેતવસ્ત્રધારી હોય તેને જ સાધુ કહેવાય. પરંતુ શાસ્ત્રમાં તો સાધુની વ્યાખ્યા કાંઈક જુદી જ કરી છે. સાધુતા કે અસાધુતા તે બાહ્ય વર્તન કે વેષથી નથી હોતી. કિંતુ જેમણે ભાવથી સાધુના ગુણોને સ્વીકાર્યા છે અને તદનુસાર આચરણ કરે છે તે જ સાચા અર્થમાં સાધુ છે. બાકી વેષમાત્રથી ભવૈયાઓ સાધુ નથી કહેવાતાં.*
**१२४८. असमणपाउग्ग - अश्रमणप्रायोग्य ( त्रि. )**
*(સાધુને આચરવા યોગ્ય નહિ તે)*
*સાધુને પહેરવાના શ્વેત કે ભગવા વસ્ત્ર પાછળ પણ એક તાત્ત્વિક કારણ રહેલું છે. વસ્ત્ર દ્વારા મનને શાંતિ મળે છે તે તો સામાન્ય છે. કિંતુ સાધુનું મન કર્મવશ કદાચ ચંચળ થઈ જાય અને અસાધુ માર્ગે જવા તત્પર થાય. ત્યારે પોતે ધારણ કરેલ શ્વેત કે ભગવા વસ્ત્ર જોઈને મનમાં ઘંટનાદ થાય કે અરે ! હું આ શું કરી રહ્યો છું. હું તો પરમાત્માના માર્ગે ચાલનારો સાધક છું. મેં સ્વયં મારી મરજીથી આ શ્વેત વસ્ત્રોને ધારણ કર્યા છે. તેને ડાઘ લાગે એવી સાધુને અનાચરણીય પાપપ્રવૃત્તિ મારાથી ન કરાય. આ વિચાર તેમના મનમાં પળે પળે ઉત્પન્ન થાય તે માટે સાધુના વસ્ત્રો શ્વેત અને ભગવા હોય છે.*
**१२४९. असमणुन्न - असमनोज्ञ ( त्रि. )**
*(૧. અનિષ્ટ ૨. ૩૬૩ પાખંડી, શાક્યાદિ)*
**१२५०. असमणुण्णय - असमनुज्ञात ( त्रि. )**
*(અનુજ્ઞા નહિ આપેલ, આજ્ઞા નહિ આપેલ)*
*જે માતા-પિતા જાણતાં હોય કે અમુક પ્રવૃત્તિથી સંતાનોનું અહિત થાય એમ છે. તે પ્રવૃત્તિ કરવાનું સંતાનોનું મન હોવા છતાં તેને કરવાની રજા કોઈ માતા-પિતા આપે ખરા ? નહિ ને ! બસ એવી જ રીતે પરમકૃપાળુ પરમપિતા મહાવીરદેવે નિર્મળ કેવળજ્ઞાનમાં જોયું છે કે અમુક પાપપ્રવૃત્તિઓ કરવાથી જીવોનું અહિત થઈ શકે છે. અને તેના ભવોના ભવો બગડી શકે છે. તો તેવી પ્રવૃત્તિ કરવાની અનુજ્ઞા કેવી રીતે આપી શકે ? ઈતિહાસ જોઈ લો પરમાત્માએ નિષેધ કરેલ માર્ગે ચાલનાર આત્મા નિયમા દુખી થયા*

*છે. પ્રભુએ આજ્ઞા નહિ આપેલ પ્રવૃત્તિ કરવી એટલે મુસીબતોને આમંત્રણ આપવા બરોબર છે.*

**१२५१. असमत्त - असमाप्त ( त्रि. )**

*(અપૂર્ણ, અધુરું)*

**१२५२. असमत्तकप्प - असमाप्तकल्प ( पुं. )**

*(અપૂર્ણ વિધિ, અપૂર્ણ આચાર)*

*જેમ દવાનો અધુરો કોર્સ રોગનો નાશ કરી શકતો નથી. અધુરું ભોજન ઉદરની તૃપ્તિ કરી શકતું નથી. અધુરી કથા મનની ઉત્સુકતાની પૂર્તિ કરી શકતી નથી. તેમ અપૂર્ણ વિધિ તેના નિશ્ચિત ફળને આપવામાં સમર્થ થતી નથી.*

**१२५३. असमत्तदंसि ( ण् ) - असम्यक्त्वदर्शिन् ( पुं. )**

*(મિથ્યાત્વી, અન્યદર્શની)*

*મિથ્યાત્વનો સીધો અર્થ છે વિપરીત માન્યતા. જે પદાર્થ કે સિદ્ધાંત જે સ્વરૂપે હોય તેને તે રૂપે ન સ્વીકારતા અન્ય રૂપે ગ્રહણ કરવું તે મિથ્યાત્વ છે. તે દોષને ધારણ કરનાર મિથ્યાત્વી કહેવાય છે. ઉક્ત વ્યાખ્યાએ મિથ્યાત્વી માત્ર અન્યધર્મી હોઇ શકે એવું નથી. જિનમતમાં રહેવા છતાં જો કોઇ એક વાતનો કદાગ્રહ પકડાઇ જાય તો શાસ્ત્રકાર પરમર્ષિઓ તેને પણ મિથ્યાત્વી કહે છે.*

**१२५४. असमत्थ - असमर्थ ( त्रि. )**

*(અશક્ત, નિર્બળ, સામર્થ્યરહિત)*

*જ્ઞાની ભગવંતોની દૃષ્ટિમાં જે મનમાં ઉત્પન્ન થતાં ક્રોધાદિ કષાયો પર કાબૂ નથી રાખી શકતો. જે પોતાની વધુ પડતી મહત્ત્વાકાંક્ષાઓ પર લગામ નથી રાખી શકતો. તેમજ જે વિષયો ભોગવવાની પોતાની લાલસાઓ પર નિયંત્રણ નથી રાખી શકતો. તે ખરા અર્થમાં નિર્બળ અને અસમર્થ છે. શરીરબળ ન હોવા છતાં જો પોતાના મન પર કાબૂ હોય તો તે તાત્ત્વિક અર્થમાં શૂરવીર જ છે.*

**१२५५. असमय - असमय ( पुं. )**

*(૧. અયોગ્ય કાળ, ખરાબ સમય ૨. અસમ્યગ્ આચાર ૩. અસત્યનું પચીસમું ગૌણ નામ)*

*જૈનસિદ્ધાંતમાં મોક્ષ પ્રાપ્તિ માટેના માનવામાં આવેલ પાંચ કારણો પૈકી એક કારણ કાળને પણ માનવામાં આવ્યું છે. જે આત્માના કાળનો પરિપાક નથી થયો તે આત્મા યોગ્યતા હોવા છતાં પણ મોક્ષને મેળવી શકતો નથી. કેમ કે મોક્ષ પ્રાપ્તિ માટે તે અયોગ્યકાળ હોય છે. પરંતુ પરમાત્માની ભક્તિ અને ધર્માનુષ્ઠાનોનું આચરણ કાળની યોગ્યતાને પકાવવામાં પ્રધાન હેતુ બને છે.*

**१२५६. असरिसवेसग्गहण - असदृशवेशग्रहण ( न. )**

*(અન્યસ્વરૂપે વેષને ધારણ કરવો તે)*

*સ્વયં આર્યપ્રદેશમાં જન્મેલો હોય, આર્યના રીતિ-રિવાજોમાં રહેલો હોવા છતાં અનાર્યના વેષને ધારણ કરે તેને અસદશવેશગ્રહણ કહેલ છે. પૂર્વના કાળમાં ભવાઈઓમાં કે નાટકોમાં લોકોના મનોરંજનહેતુ કલાકારો વિવિધ પ્રકારના વેષને ધારણ કરતાં હતાં. તેઓ ભલે અનાર્યોના વેષને ધારણ કરતાં કિંતુ વ્યવહારથી તો તેઓ સંપૂર્ણ આર્ય જ રહેતાં. તેઓ પોતાના વજૂદને ક્યારેય ઓળંગતા નહોતા. જ્યારે આજના સમયની પેઢી આચાર, વિચાર અને વેષથી અનાર્યતાને વરી ચૂકેલી છે.*

**१२५७. असमवाइकारण - असमवायिकारण ( न. )**

*(નૈયાયિક તથા વૈશેષિક મત પ્રસિદ્ધ કારણવિશેષ)*

*નૈયાયિકો તથા વૈશેષિકો અસમવાયિકારણની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે. જે વસ્તુ કાર્યમાં સીધી રીતે કારણ ન બનતા પરંપરાએ કારણ બને છે. તેને કાર્ય પ્રત્યે અસમવાયિકારણ માનવું. જેમ કે વસ્ત્રમાં મુખ્ય કારણ છે તંતુ અને તંતુસંયોગ વસ્ત્ર બનવામાં પરંપરાએ કારણ બનતો હોવાથી તે નિષ્પન્ન વસ્ત્ર માટે અસમવાયિકારણ જાણવો.*

**१२५८. असमाण - असमान ( पुं. )**

*(અસાધારણ, સર્વોત્કૃષ્ટ)*

*ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે હે સાધુ ! તું અસમાન થઈને વિચર. અર્થાત્ વિવિધ ગામ, નગરો અને શહેરમાં વિહાર કરતાં ગૃહસ્થોની આગતા-સ્વાગતા, માન-સન્માનોમાં લેપાયા વિના તથા અન્યતીર્થીઓના મંત્ર,તંત્રાદિ ચમત્કારોથી ભરમાયા વિના કર્મક્ષયાર્થે એકલક્ષ્ય બનીને ધર્મસાધનાને આચરજે. જે સાધુ ગૃહસ્થો અને અન્યતીર્થીઓથી નિર્લેપ રહીને વિચરે છે. તેને શાસ્ત્રમાં અસમાન કહેલા છે.*

**१२५९. असमारंभ - असमारम्भ ( पुं. )**

*(સમારંભનો અભાવ, હિંસા ન કરવી તે)*

સ્થાનાંગસૂત્રમાં કહેલું છે કે જેટલા સ્થાન હિંસાના છે તેટલા જ સ્થાન અહિંસાના પણ જાણવા. મિથ્યાવસ્થામાં જીવ સકારણ કે નિષ્કારણ કોઈપણ હેતુથી પ્રાણીવધમાં પ્રવર્તે છે. જેના પરિણામરૂપ તેને નિકાચિત કે અનિકાચિત અશુભકર્મનો બંધ થતો હોય છે. પરંતુ જીવને જ્ઞાનદશાનો ઉદય થતાં તે જ સ્થાનોમાંથી નિવર્તવાથી શુભકર્મનો બંધ કે સર્વથા કર્મક્ષય થતો હોય છે. સ્થાનાંગસૂત્રમાં આવા અસમારંભના કુલ સાત સ્થાન કહેલા છે.

**१२६०. असमारंभमाण – असमारम्भमान ( त्रि. )**

*(સમારંભ નહિ કરતો, હિંસા નહિ કરતો)*

**१२६१. असमाहड – असमाहृत ( त्रि. )**

*(૧. અશુદ્ધ ૨. નહિ સ્વીકારેલ, ગ્રહણ નહિ કરેલ)*

*કસ્તૂર બાની તબિયત વધારે બગડી. ડૉક્ટરો છૂટી પડ્યા. અંતિમ ઈલાજરૂપે તેમણે કહ્યું કે જો તે અંગ્રેજી દવાઓ લેશે તો કદાચ જલદી સારું થઈ જશે. બાપુએ બાને કહ્યું કે હવે તમારે દવા લેવી જોઈએ. ત્યારે કસ્તૂર બાએ તૂટેલા અવાજે બાપુને કહ્યું. મનખા દેહ વારે વારે નથી આવતો. મોત કાલે આવતું હોય તો આજે ભલે આવે. પરંતુ અંગ્રેજી દવાઓ લઈને હું મારા દેહને અભડાવવા માંગતી નથી. બાને મરવાનું પસંદ હતું પણ પ્રાણિજ દવાઓનો લેવાનું હરગીઝ મંજૂર નહોતું. જ્યારે આજના મોર્ડન કહેવાતા આપણે લોકો પરમ પવિત્ર આપણા શરીરને જે તે વસ્તુઓ ખાઈને અશુદ્ધ કરતાં રહેતાં હોઈએ છીએ.*

**१२६२. असमाहडसुद्धलेस्स – असमाहृतशुद्धलेश्य ( त्रि. )**

*(અશુદ્ધ છે લેશ્યા જેની તે)*

**१२६३. असमाहि – असमाधि ( पुं. )**

*(દુર્ધ્યાન, ચિત્તની અસ્વસ્થતા)*

*અસમાધિ તે દુર્ગતિમાં જવાનો સીધો માર્ગ છે. જ્યારે ચિત્તની સ્વસ્થતા તે સદ્‌ગતિમાં જવાનો લાઈફટાઈમનો પાસ છે. આથી જ તો લોગસ્સસૂત્રની અંદર સૂત્રકાર ભગવંતે પરમાત્મા પાસે બીજી કોઈ માંગણી ન કરતાં સમાધિમરણ મળે એવી પ્રાર્થના કરેલી છે. જેનો અંત બગડ્યો તેનું બધું જ બગડ્યું અને જેનો અંત સુધર્યો તેનું જીવ્યું સફળ છે.*

**१२६४. असमाहिकर – असमाधिकर ( त्रि. )**

*(અસમાધિને કરનાર, અસમાધિ મરણ)*

*જે વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિથી ચિત્તની સ્વસ્થતા ડોહળાય. મન વ્યગ્ર બની જાય તે બધા અસમાધિકર જાણવા. સવારે ચા પીવા બેઠા અને ચાની અંદર સાંકર ઓછી છે તરત જ મોઢું અને મન બગડી જાય. તે ચા અસમાધિ કર છે. રાત્રે ઘરે આવ્યા અને પત્નીની ફરિયાદો ચાલુ થઈ જાય મન અસ્વસ્થ બની જાય. પત્ની અસમાધિ કર છે. નોકરી ધંધામાં નુકસાન આવી જાય. માથે દેવુ થઈ જાય. કોઈ સાથ આપનાર ન મળે. પરિસ્થિતિ અસમાધિકર બની જાય છે. સંસારમાં આવા અનુભવો ડગલેને પગલે થતા રહેતા હોય છે. જ્યારે ધર્મમાં માત્રને માત્ર સમાધિ જ મળે. ત્યાં અસમાધિને ક્યાંય સ્થાન જ નથી.*

**१२६५. असमाहिट्ठाण – असमाधिस्थान ( न. )**

*(અસમાધિ સ્થાન)*

*તળાવમાં ફેંકેલો પત્થર જેમ પાણીમાં તરંગોને ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે. તેમ જે જે સ્થાનો ચિત્તમાં દુર્ધ્યાનને ઉત્પન્ન કરવામાં કારણભૂત બને તેને અસમાધિસ્થાન કહેવાય છે. સ્થાનાંગસૂત્રમાં આવા કુલ વીસ અસમાધિસ્થાનો જણાવેલા છે. જે આત્મા આ વીસ સ્થાનોને જાણીને તેનો ત્યાગ કરે છે. તે સમાધિસુખના પરમામૃતને ચાખનારો બને છે.*

**१२६६. असमाहिमरण – असमाधिमरण ( न. )**

*(અસમાધિ મરણ, બાળમરણ)*

*આતુરપ્રત્યાખ્યાન નામક આગમમાં કહ્યું છે કે જે જીવો આઠ પ્રકારના મદસ્થાનોમાં પ્રવર્તી રહ્યા છે. વિષયકષાયમાં સતત રત રહેવાના કારણે સન્માર્ગથી જેમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. તેમજ જેઓ વક્રસ્વભાવ સાથે મૃત્યુ પામે છે તેવા જીવો ક્યારેય પણ ઉત્તમ આરાધક બની શકતા નથી. આવા અસમાધિમરણને પ્રાપ્ત આત્માઓ વિરાધકની કોટીમાં સ્થાન પ્રાપ્ત કરે છે.*

**१२६७. असमाहिमरणज्झाण – असमाधिमरणध्यान ( न. )**

*(સામો માણસ અસમાધિએ મરે તેવું ચિંતન)*

*કેટલાક ભારેકર્મી કે અભવ્ય જીવો એવા હોય છે. જેઓ હમેશાં બીજા જીવો કેવી રીતે હેરાન થાય. કેવી રીતે તકલીફ ભોગવે તેના ચિંતનમાં જ પ્રયત્નશીલ રહેતા હોય છે. સામેવાળો મુસીબતમાં મૂકાય એટલે સૌથી વધુ આનંદ તેમને આવતો હોય છે.*

સ્કંદકાચાર્યે પાલકને કહ્યું કે ઘાણીમાં મને પહેલા પીલ. હું બાળમુનિને પીલાતા નહિ જોઈ શકું. કિંતુ અભવ્યતાને વરેલા પાલકને તો આચાર્યશ્રી અસમાધિ મરણને પામે એવા ભાવથી તેમણે આચાર્યશ્રીની નજર સામે બાળમુનિને પ્રથમ પીલ્યા. આથી આચાર્યશ્રી અસમાધિમરણ પામીને દેવ થયા. અને તેઓએ દુષ્ટપાલકને માર્યો. પાલકના આવા વિચારને શાસ્ત્રમાં અસમાધિમરણધ્યાન કહેલ છે.

**१२६८. असमाहिय - असमाहित ( त्रि. )**

*(૧. અશોભનીય, બીભત્સ ૨. શુભઅધ્યવસાયરહિત, મોક્ષમાર્ગથી દૂર વર્તનાર)*

જે જીવને રત્ન-ઝવેરાતનું જ્ઞાન ન હોય તેના માટે તો પારસમણિ પણ પત્થરસમાન હોય છે. રત્નની કિંમત તો એક ઝવેરી જ સમજી શકે છે. તેમ જે જીવને તત્ત્વાતત્ત્વનું જ્ઞાન નથી. જે હજી અચરમાવર્તકાળમાં પ્રવર્તી રહ્યો છે તે જીવને સદ્‌ગુણ અને દુર્ગુણોનો ભેદ ક્યારેય સમજી શકાતો નથી. તેના ભેદને તો સાધુસંગતિએ જેણે પોતાના જીવનને કૃતકૃત્ય બનાવ્યું છે તેવો ગુણવાન્ આત્મા જ સમજી શકે છે.

**१२६९. असमिक्खियकारि ( ण् ) - असमीक्षितकारिन् ( त्रि. )**

*(વિચાર્યા વિના કાર્ય કરનાર)*

શાસ્ત્રમાં કહેલ છે કે પશુ પક્ષીઓને પણ પાંચ ઈંદ્રિય છે અને મનુષ્યને પણ પાંચ ઈંદ્રિય પ્રાપ્ત થયેલ છે. તો પછી બન્નેમાં ફરક શું છે તફાવત છે માત્ર જ્ઞાનનો. પશુ જે પણ કાર્ય કરે છે તે વિના વિચાર્યે અને સમજણ વિના કરે છે. જ્યારે મનુષ્ય કોઈપણ કાર્ય કરતાં પહેલા તેના લાભનુકસાનનો વિચાર જરૂર કરે છે. પરંતુ જે વ્યક્તિ મનુષ્યપણું પ્રાપ્ત થવા છતાં પણ અવિચારીકાર્ય કરે છે. તેના માટે કહેલું છે કે તે મનુષ્ય પૂંછડા વિનાનો પશુ છે.

**१२७०. असमिक्खियप्पलावि ( ण् ) - असमीक्षितप्रलापिन् ( पुं. )**

*(વિચાર્યા વિના બોલનાર)*

**१२७१. असमिक्खियभासि ( ण् ) - असमीक्षितभाषिन् ( पुं. )**

*(વિચાર્યા વિના બોલનાર)*

**१२७२. असमिय - असमित ( पुं.. )**

*(સમિતિ પાલનમાં પ્રમાદી)*

જે પુત્ર પોતાને નિરપેક્ષ ભાવે પ્રેમ કરનારી માતાની મન, વચન કે કાયાથી અવહેલના કરે છે. તેને માતૃઘ્ન કહેવાય છે. શાસ્ત્રમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠને પ્રવચન માતા કહેલ છે. આ પ્રવચન માતા તેની શરણે રહેલા આત્માની ભવોભવ રક્ષા કરે છે. કિંતુ જે સાધક આત્મા સુખશીલીયા સ્વભાવે તેના પાલનમાં પ્રમાદ કરે છે. તેને શાસ્ત્રમાં વિરાધક કહેલ છે. આવો વિરાધક આત્મા મોક્ષસાધક બની શકતો નથી.

**१२७३. ★असम्यच् ( त्रि. )**

*(અયોગ્ય, અસંગત)*

જીવનમાં ઘણી પળો એવી આવતી હોય છે કે આપણું મન મિથ્યાભ્રમણાઓમાં અટવાઈ જાય છે. અને સાચી વસ્તુ પણ ખોટી અને યોગ્ય વાતો પણ અયોગ્ય લાગવા માંડે છે. જ્ઞાની ભગવંતો તેને મિથ્યાભિનિવેશ કે મિથ્યાત્વ તરીકે સંબોધે છે. સાંસારિક કે ધાર્મિક સ્થાનોમાં આવા મિથ્યાભિનિવેશ સદા કરુણ પરિણામો સર્જતા હોય છે. આથી વિવેકી અને સુખેચ્છુ જીવો હમેશાં તેનાથી બચવાનો પ્રયાસ કરતા હોય છે.

**१२७४. असमोहय - असमवहत ( त्रि. )**

*(મરણવિશેષે મરનાર જીવ)*

બંદૂકનો એક ધડાકો થાય અને એક જ ગતિમાં ગોળી લક્ષ્યસ્થાને જેમ પહોંચી જાય. તેમ મૃત્યુ સમયે કોઈપણ જાતના સમુદ્‌ઘાત કર્યા વિના આત્મપ્રદેશો એકી સાથે શરીરને છોડીને પરલોક તરફ પ્રયાણ કરે. તેવા મરણને પ્રાપ્ત કરનાર જીવ અસમોહય કહેવાય છે.

**१२७५. असम्मत्त - असम्यक्त्व ( न. )**

*(મિથ્યાત્વ, વિપરીત માન્યતા)*

આવશ્યકસૂત્રમાં અસમ્યક્ત્વની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે '**दर्शनादुद्वेगे**' અર્થાત્ આત્મસાક્ષાત્કારે કહેવાયેલ વાતોને ચામડાની આંખે અને ટુંકી વિચારમાત્રા ધરાવતા મન વડે તોલીને તેનો અસ્વીકાર કરવો, કે પછી તે વાતો પ્રત્યે દ્વેષભાવ લાવવો તે

અસમ્યક્ત્વ છે. શાસ્ત્રમાં તેને સમ્યક્ત્વના દૂષણ તરીકે ઓળખાવેલ છે.
**१२७६. असम्मत्तपरीसह - असम्यक्त्वपरीषह ( पुं. )**
*(તે નામે પરીષહવિશેષ)*
*કોઈ સાધક આત્મા એવું વિચારે કે હું સર્વ પાપસ્થાનોથી વિરત છું, ઉત્કૃષ્ટતપને આચરનાર છું અને સર્વથા નિઃસંગ છું. છતાં પણ ધર્મ, અધર્મ, આત્મા, દેવ, નરક તો મને કાંઇ દેખાતું નથી. આથી આ બધું મિથ્યા છે. આવા પરિણામો ઉત્પન્ન થયે છતે પોતાના સદ્ભાવોથી આવા મિથ્યા વિચારોનું ખંડન કરવું જોઇએ. જેમ કે દેવો સુખાસક્ત હોવાથી તથા કોઇ પ્રયોજન ન હોવાથી તેઓનું આવવું અશક્ય છે. ક્રોધથી દુખદ પ્રત્યાઘાતોનો અને ક્ષમાથી સુંદર પરિણામોનો અનુભવ થાય છે. આમ અસદ્વિચારોને સદ્વિચારોથી પરાસ્ત કરવા તે અસમ્યક્ત્વપરીષહ છે.*
**१२७७. असयं - अस्वयम् ( अव्य. )**
*(અન્ય, બીજું)*
**१२७८. असरण - अशरण ( त्रि. )**
*(૧. આધારરહિત ૨. રક્ષણરહિત ૩. એવું સંયમ જેમાં શરણ- ઘર ન હોય)*
*બેંકમાં મોટું બેલેંસ છે. કરોડોનો બિઝનેસ છે. રહેવા માટે આલિશાન બંગલો છે. જેને પોતાના કહી શકાય તેવા સ્વજનો છે. ફરવા માટે ઔડી કાર છે. આટઆટલું હોવા છતાં પણ મનમાં કે જીવનમાં શાંતિ નથી. જ્યારે રોડ પર કાળી મજૂરી કરતાં મજૂર પાસે શરણું કહી શકાય એવું ઘર નથી. એક ટાઇમનું ખાવાનું મળ્યા પછી બીજા ટાઇમનું નસીબમાં છે કે નથી તેની પણ જાણ નથી. એક જગ્યાએથી બીજી જગ્યાએ ચાલીને જવું પડે છે. આવી પરિસ્થિતિ હોવા છતાં પણ તે મોજ અને મસ્તીથી જીવન જીવે છે. તેની પાછળ કારણ છે મજૂર હમેશાં વર્તમાનમાં જીવે છે. જ્યારે કરોડપતિ ભવિષ્યની ચિંતામાં વર્તમાનને ગુમાવે છે.*
**१२७९. असरणभावणा - अशरणभावना ( स्त्री. )**
*(સંસારમાં ધર્મ એ જ શરણ છે એવું ચિંતન, ભાવનાવિશેષ)*
*શાસ્ત્રમાં બાર પ્રકારની ભાવના કહેવામાં આવેલ છે. તેમાંની એક ભાવના છે અશરણભાવના. આ સંસારમાં માતા, પિતા, ભાઇ, બહેન, પતિ, પત્ની, પુત્ર, ઘર વગેરે કોઇ જ શરણ નથી. કેમકે દુર્ગતિમાં જતાં જીવને આમાંથી કોઈપણ બચાવી શકતું નથી. કોઇ બચાવી શકે એમ હોય તો એક માત્ર ધર્મ જ છે. આથી જગતમાં જો કોઈ ઉત્કૃષ્ટ શરણ હોય તો તે ધર્મ છે. આ પ્રકારના ચિંતનને અશરણભાવના કહેલ છે.*
**१२८०. असरणाणुप्पेहा - अशरणाऽनुप्रेक्षा ( स्त्री. )**
*(જન્મ જરા મરણગ્રસ્ત સંસારમાં ધર્મ સિવાય કોઇ શરણ નથી એવું ચિંતન)*
**१२८१. असरिस - असदृश ( त्रि. )**
*(જેની સમાન કોઇ નથી તે, અસમાન)*
*પોતાના આશ્રિત માતાપિતા, બહેન, પત્ની, પુત્રાદિની ચિંતા કરીને તેમના માટે જીવનારા સાધારણ લોકો તો જગતમાં ઘણા મળી આવે છે. પરંતુ કુટુંબ અને સ્વજનોની માયા છોડીને, આખા જગત સાથે માયા બાંધનાર, પરોપકાર માટે પોતાનું સમસ્ત જીવન ન્યોછાવર કરનાર આત્માઓ તો વિરલ જ મળે છે. કુટુંબ માટે સંઘર્ષ કરનાર વીર હોય છે. પરંતુ જગતોપકાર માટે સંઘર્ષ કરનાર તો મહાવીર જ હોઇ શકે છે. આથી જ તેમની સમાન કોઇ હોઇ શકતું નથી.*
**१२८२. असरिसवेगग्गहण - असदृशवेशग्रहण ( न. )**
*(આર્યાદિમાંથી અનાર્યાદિ વેશભૂષા કરવી તે)*
**१२८३. असरीर - अशरीर ( त्रि. )**
*(શરીરરહિત, સિદ્ધ)*
*શાસ્ત્રમાં ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ પાંચ પ્રકારના શરીર કહેલા છે. કર્મબદ્ધ આત્માને આ પાંચ શરીરમાંથી કોઈપણ શરીર વળગેલું જ હોય છે. વિગ્રહગતિમાં સંચરનાર આત્માને પણ છેવટે તૈજસ અને કાર્મણ શરીર તો રહેલા જ હોય છે. પરંતુ જે દિવસે આત્મા કર્મોનો સર્વથા ક્ષય કરે છે. ત્યારે તે પાંચેય શરીરનો પણ ત્યાગ કરીને નિરાકારપણે સિદ્ધશિલા પર વિરાજે છે.*
**१२८४. असरीरपडिबद्ध - अशरीरप्रतिबद्ध ( त्रि. )**
*(જેણે સર્વશરીરનો ત્યાગ કર્યો છે તે, સિદ્ધ)*

**१२८५. असलाहा - अश्लाघा ( स्त्री. )**

*(નિંદા, અપકીર્તિ)*

*જગતમાં એક શાખ, ઈજ્જત, આબરૂ બનાવવામાં વર્ષોના વર્ષો કે પેઢીઓની પેઢીઓ ચાલી જાય છે. તે મેળવવા માટે અથાક પરિશ્રમ અને વિશ્વાસ કેળવવો પડતો હોય છે. પરંતુ એક એવું ખોટું ભરાયેલું પગલું ઉજમાળ કીર્તિને કોલસા જેવી મલિન અપકીર્તિમાં ફેરવી દે છે. અપકીર્તિની કિંમત તો તે જ જાણી શકે જેણે કીર્તિ મેળવવામાં પોતાના લોહી પાણી એક કર્યા હોય.*

**१२८६. असलिलप्पलाव - असलिलप्लाव ( पुं. )**

*(જલ વિના તરવું ૨. જલ વિનાનું સ્નાન)*

*સંસારી જીવો શરીરની શુદ્ધિ માટે જલથી સ્નાન કરતાં હોય છે. જ્યારે લોકોત્તર જીવન જીવનારા શ્રમણ અને શ્રમણી ભગવંતો આત્માની શુદ્ધિ માટે બ્રહ્મચર્યનું સ્નાન કરતાં હોય છે. જલસ્નાન માત્ર શરીરની જ શુદ્ધિ કરે છે. જ્યારે બ્રહ્મચર્ય સ્નાન તન, મન અને જીવનની શુદ્ધિ કરે છે.*

**१२८७. असलिलप्पवाह - असलिलप्रवाह ( पुं. )**

*(જલ વિનાનો પ્રવાહ)*

**१२८८. असवणया - अश्रवणता ( स्त्री. )**

*(ન સાંભળવું તે, શ્રવણનો અભાવ)*

*મનુષ્યને કુલ પાંચ ઈંદ્રિય મળી છે. તે દરેક ઈંદ્રિયનો ઉપયોગ કરવો કે દુરુપયોગ કરવો તે માણસના પોતાના હાથમાં હોય છે. માતાપિતા, ગુરુ કે ભગવાન તો દિશા ચિંધનારા રાહગીર સમાન છે. બાકી આંખેથી સારું જોવું કે ખરાબ, અધર્મને ન સાંભળવો અને ધર્મને સાંભળવો, જીભેથી સારું વચન બોલવું અને દુર્વચનનો ત્યાગ કરવો, દરેક પ્રકારના દુખોને સહન કરવા કે નહિ. તે બધું જ આપણે સ્વયં નક્કી કરવાનું છે.*

**१२८९. असव्वउज्झण - असद्व्ययोज्झन ( न. )**

*(અસદ્વ્યયનો ત્યાગ, અસત્માર્ગે ધનનો ત્યાગ કરવો તે)*

*આપણો સમાજ વેપારી સમાજ કહેવાય છે. અને વેપારીનો એક ગુણ છે કે તે પોતાના ધનનો વ્યય એવા માર્ગે કરશે કે જેમાંથી તેને નફો મળે. જે સોદામાં તેને નુકસાન દેખાતું હોય તેનો તે સદંતર ત્યાગ કરે છે. તેમ સાચો ધર્મી તે જ છે કે જે પોતાની ભાવનાઓનો, પોતાની ક્રિયાઓનો, પોતાના ધનનો વ્યય એવા સન્માર્ગે કરશે જેથી ભવાંતરમાં તે સુખની પ્રાપ્તિ કરી શકે. જે અસદ્વ્યયથી મતિ અને ગતિ બગડતી હોય તેવા વ્યયનો તે નિશ્ચે ત્યાગ કરનાર હોય છે.*

**१२९०. असव्वग्घ - असर्वघ्न ( न. )**

*(જ્યાં સર્વનાશીપણું વિદ્યમાન નથી તે)*

*જ્ઞાન કુલ બે પ્રકારના છે સર્વઘ્ન અને અસર્વઘ્ન. જે જ્ઞાન બધા જ પ્રકારના આવરણોનો નાશ કરીને આત્મપ્રત્યક્ષતાને પામેલ હોય તે જ્ઞાન સર્વઘ્ન કહેવાય છે. જેમ કે કેવલજ્ઞાન. આ જ્ઞાન અનંતા ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનને એક સાથે નિઃશંકપણે સ્પષ્ટ જોઇ શકે છે. જ્યારે શેષ ચાર જ્ઞાન અસર્વઘ્ન છે. તે જ્ઞાન નિયત કાળ કે ક્ષેત્રને જ જોનારા હોય છે. આથી તેઓ અસર્વઘ્ન કહેવાય છે.*

**१२९१. असव्वण्णु - असर्वज्ञ ( त्रि. )**

*(અસર્વજ્ઞ, છદ્મસ્થ)*

*ગર્ભકાળથી ત્રણ જ્ઞાન ધરાવતા હોવા છતાં તીર્થંકર ભગવંતો દીક્ષા સમયે પ્રણ લેતા હોય છે કે જ્યાંસુધી કેવલજ્ઞાન ન થાય ત્યાંસુધી મૌનવ્રતને ધારણ કરવું. તેમના મુખે અસત્ય ક્યારેય આવવાનું નથી. છતાં પણ છદ્મસ્થાવસ્થાવશ કદાચ કોઈ અસત્ય ઉચ્ચારાઈ જાય તો. તેના કારણે તેઓ મૌનવ્રતને ધારણ કરે છે. જ્યારે આપણને તો વિશિષ્ટકોટિનું મતિજ્ઞાન કે શ્રુતજ્ઞાન પણ ન હોવા છતાં એક ક્ષણ માટે પણ ચૂપ રહી શકતા નથી. કદાચ એટલે જ આપણે માનવ છીએ અને તેઓ મહામાનવ છે.*

**१२९२. असव्वदरिसि ( ण् ) - असर्वदर्शिन् ( त्रि. )**

*(છદ્મસ્થ)*

**१२९३. असव्वय - असद्व्रत ( न. )**

*(અસત્ય)*

*મરીચિના ભવમાં બોલેલ એક અસત્યએ ભગવાન મહાવીરનો એક કોટાકોટી સાગરોપમનો સંસાર વધારી દીધો. યુધિષ્ઠિરે*

બોલેલા એક અસત્યએ આકાશમાં ચાલનારો તેનો રથ જમીન પર લાવીને મૂકી દીધો હતો. તો પછી દિવસ-રાત નાની નાની વાતોમાં જૂઠ્ઠું બોલનારા આપણી શી દશા થશે તે ક્યારેય વિચાર્યું છે ? ન વિચાર્યું હોય તો આજથી જ પ્રારંભ કરી દો.

**१२९४. असव्वासि ( ण् ) - असर्वाशिन् ( त्रि. )**

*(અલ્પભોજી, અલ્પ માત્રામાં ખાનાર)*

*સંસ્કૃત સુભાષિતમાં કહેલું છે કે જે થોડું ખાય છે તે જ ખરા અર્થમાં ઘણું ખાય છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પર્યાપ્તમાત્રામાં કરેલું ભોજન લાભદાયી નીવડે છે. ચિત્તની પ્રસન્નતા અને શરીરની સ્ફૂર્તિ ટકી રહે છે. જ્યારે આકંઠ ખાનારાઓ તન અને મન બન્નેનું નુકસાન કરતાં હોય છે. અધિકમાત્રામાં જમવાથી શરીરમાં અકળામણ, ગેસ, એસિડીટી જેવા રોગો થાય છે. તથા મન સતત બેચેન રહ્યા કરે છે. જૈનશાસનમાં પણ કહેલું છે કે શ્રાવકે જેટલી ભૂખ હોય તેના કરતાં બે ત્રણ કોળિયા ઓછા ખાવા જોઈએ. તેને વૃત્તિસંક્ષેપ નામક તપ કહેલ છે.*

**१२९५. असह - असह ( त्रि. )**

*(અસમર્થ, નિર્બળ)*

*શુદ્ધ સમ્યક્ત્વના ધારક તથા પાપભીરુ એવો શ્રાવક ગુણો મેળવવા અને કર્મોનો ક્ષય કરવા માટે સદૈવ શૂરવીર હોય છે. અને દુર્ગતિમાં લઈ જનારા પાપમાર્ગોને સેવવામાં સર્વથા નિર્બળ અને ઉત્સાહરહિત હોય છે.*

**१२९६. असहाय - असहाय ( त्रि. )**

*(એકાકી, સહાયતારહિત)*

*અસહાય બે રીતના હોય છે. એક તે જેઓને ગચ્છની બહાર કરેલ હોય તેવા એકલવિહારી સાધુ-સાધ્વીજી. તેઓ નિઃસહાય અને એકલા હોય છે. તથા બીજા જિનકલ્પ વગેરે વિશિષ્ટકોટીના કલ્પને સ્વીકારેલ હોય તેવા સાધુ ભગવંતો. તેઓ કુતીર્થીઓના ચમત્કારો કે માયાજાળમાં ફસાઈને સમ્યક્ત્વથી ચલિત થતાં નથી. તેઓ એકલા હોવા છતાં પણ પોતાના ચારિત્રને ખંડિત થવા દેતાં નથી. તેવા એકાકી શ્રમણ સ્વ અને પરને સતત ધર્મમાર્ગમાં જોડે છે.*

**१२९७. असाहिज्ज - असाहाय्य ( त्रि. )**

*(એકાકી, સહાયતારહિત)*

**१२९८. असहीण - अस्वाधीन ( त्रि. )**

*(પરાધીન, અસ્વતંત્ર)*

*માણસમાત્રને પરાધીન રહેવાની જાણે કે આદત પડી ગઈ છે. ઘર તો પત્ની ચલાવે. ગાડી તો ડ્રાઈવર ચલાવે. ઓફીસ તો માણસો ચલાવે. યાવત્ આપણી હર્ષ, શોક, ક્રોધ, વાત્સલ્યાદિ લાગણીઓ પણ બીજાના આધારે જ ચાલે છે. તેમાં પણ આપણી પોતાની કોઈ જ સ્વતંત્રતા નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે જે દિવસે આ બધી પરાધીનતામાંથી બહાર નીકળીને સ્વાધીનતામાં જીવવાનું ચાલું કરીશું. તે દિવસે આપણા જીવનમાં સોનેરી સૂરજના કિરણો પથરાશે.*

**१२९९. असहु - असह ( त्रि. )**

*(૧. ચારિત્ર પાલનમાં અસમર્થ, પ્રવ્રજિત સુકુમાલ રાજકુમારાદિ ૨. ગ્લાન)*

*સુભાષિત દોહામાં કહ્યું છે કે* **'साधु कहावन कठीन है लंबा पेड खजूर, चढे तो रस भरपूर है, गीरे तो चकनाचूर'** *સાધુજીવન ખજૂરના ઝાડ જેવું છે. તેનું પાલન કરવું અત્યંત દુષ્કર અને કષ્ટદાયી છે. જેઓ શરીરે ગ્લાન કે સુખશીલીયા સ્વભાવના કારણે સુકુમાલ હોય છે. તેઓ તેનું પાલન કરવામાં અસમર્થ નીવડે છે. કિંતુ જિનાજ્ઞા પાલનમાં એકનિષ્ઠાવાળા અને દૃઢમનોબળી આત્મા તે માર્ગનું હસતાં મુખે સેવન કરીને મોક્ષસુખના રસને ચાખે છે.*

**१३००. ★असहिष्णु ( त्रि. )**

*(દીક્ષિત એવા સુકુમાલ રાજા વગેરે)*

**१३०१. असहुवग्ग - असहवर्ग ( पुं. )**

*(ચારિત્ર પાલનમાં અસમર્થ એવા રાજપુત્રાદિ)*

**१३०२. असहेज्ज - असाहाय्य ( पुं. )**

*(જેમનો સહાયક કોઈ નથી તે, સહાયની અપેક્ષા વગરના)*

*છદ્મસ્થાવસ્થામાં રહેલ પરમાત્મા મહાવીરને શક્રેંદ્રએ કહ્યું હે પ્રભુ ! સાડાબાર વર્ષ દરમ્યાન આપની ઊપર ઘોર ઉપસર્ગ થવાના છે. આથી કોઈ પાખંડી આપને પરેશાન ન કરે તે માટે એક દેવ આપની સહાયમાં હું મૂકવા માગું છું. ત્યારે પ્રભુએ પ્રત્યુત્તર*

આપતા કહ્યું કે હે ઈંદ્ર ! તીર્થંકરો અન્યની સહાયની અપેક્ષા વગરના હોય છે. તેઓ ક્યારેય પણ કોઈની સહાય વડે કર્મનો ક્ષય કે કેવલજ્ઞાન પામી શક્યા નથી. તેઓ પોતાના આત્મિકબળે કર્મનો ક્ષય કરીને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ કરતા હોય છે. માટે આવો વ્યર્થ પ્રયત્ન કરવો રહેવા દો.

**१३०३ असागारिय - असागारिक ( त्रि. )**

*(જ્યાં ગૃહસ્થનો આવાગમન નથી તેવું સ્થાન)*

*ગૃહસ્થોનું નિરંતર આગમન સાધુના સ્વાધ્યાય, ધ્યાનાદિ અનુષ્ઠાનો માટે બાધકતત્ત્વ ગણેલું છે. આથી શાસ્ત્રમાં કહેલું છે કે હે શ્રમણ ! સ્વાધ્યાય, ધ્યાન, કે યોગાદિ અનુષ્ઠાનો એવા સ્થાનોમાં કરવા જોઈએ કે જ્યાં સાગારિક અર્થાત્ ગૃહસ્થોનું આવાગમન પ્રચુરમાત્રામાં થતું ન હોય. તેવા સ્થાનોમાં આચરાતા અનુષ્ઠાનો સફળતાને પ્રાપ્ત કરે છે.*

**१३०४. असाधा ( हा ) रण - असाधारण ( त्रि. )**

*(૧. જેની સમાન અન્ય બીજું કોઈ નથી તે ૨. ઉપાદાન કારણ, મુખ્ય કારણ)*

*જે કાર્યમાં અન્ય બીજા કારણ બને કે ના બને. કિંતુ જેના વિના કાર્ય સર્વથા અશક્ય બને તેવા કારણને ઉપાદાન કારણ કે મુખ્ય કારણ કહેવામાં આવે છે. જેમ કે કર્મબંધ કે ક્ષયમાં બીજા બધા ગૌણ કે નિમિત્ત કારણ છે કિંતુ આત્મા સ્વયં ઉપાદાન કારણ છે. આવા કારણોને અસાધારણ કારણપણ કહેવામાં આવે છે.*

**१३०५. असाधारणाणेगंतिय - असाधारणानैकान्तिक ( पुं. )**

*(હેત્વાભાસવિશેષ)*

*જે એક પક્ષ અન્ય બીજા પક્ષથી બાધિત બને તેવા પક્ષને સપક્ષ હેત્વાભાસ કહેવામાં આવેલ છે. જેમ કે એવો પક્ષ સ્થપાય કે શબ્દ અનિત્ય છે કેમકે પુદ્ગલ છે. અને પુદ્ગલ નાશવંત છે. તેની સામે કોઈ નવો પક્ષ મૂકે કે ના શબ્દ તો નિત્ય છે કેમ કે શ્રવણયોગ્ય છે. જે સાંભળાય તે અનિત્ય ન હોઈ શકે. આવા અન્ય હેત્વાભાસથી બાધિત પક્ષને અસાધારણાનૈકાંતિક કહેવાય છે.*

**१३०६. असाय ( त ) - असात ( न. )**

*(અશાતા, પીડા, દુખ, અશાતા વેદનીયકર્મ)*

*પ્રત્યેક પ્રાણીને એક ઈંદ્રિયથી લઈને પાંચ ઈંદ્રિય અને છઠ્ઠું નોઈંદ્રિય એટલે મનની પ્રાપ્તિ થયેલ છે. શાસ્ત્રમાં કહેલું છે કે આ પાંચેય ઈંદ્રિય અને નોઈંદ્રિયથી જીવને સુખ કે દુખની અનુભૂતિ થતી હોય છે. જીવને જે સુખ કે દુખનો અનુભવ થાય છે તેમાં અશાતાવેદનીય કર્મ જ મુખ્ય કારણભૂત કહેલ છે.*

**१३०७. असायज्जण - अस्वादन ( न. ) ( ? )**

*(જેની અનુમતિ નથી અપાઈ તે, જેને ભોગવ્યું નથી તે)*

**१३०८. असा ( स्सा ) यण - आश्वायन ( पुं. )**

*(અશ્વ ઋષિના વંશજ)*

**१३०९. असायबहुल - असातबहुल ( त्रि. )**

*(દુખપ્રચુર)*

*દશવૈકાલિકસૂત્રની ચૂર્ણિમાં ચૂર્ણિકારે લખ્યું છે કે* '**असायबहुला मणुस्सा**' *અર્થાત્ આ સંસારમાં દરેક મનુષ્ય ચારેબાજુ દુખોથી ઘેરાયેલો છે. જેમ કોસેટાનો કીડો પોતાની જાળમાં પોતે જ ફસાય છે. તેમ સંસારમાં પોતે ઉભી કરેલી સંબંધોની માયાજાળમાં એવો ફસાઈ ગયેલો છે કે તે જેમ જેમ ઉકેલવાનો પ્રયત્ન કરે છે. તેમ વધારેને વધારે ફસાતો જાય છે. આવનારી પ્રત્યેક પળ તેના માટે નવી મુસીબતો લાવે છે. એકમાત્ર જિનેશ્વર પરમાત્માનું શરણું જ તેને આ બધા દુખો અને સંકટોમાંથી બચાવી શકે છે. જે સમજદાર મનુષ્યો તેનો આશ્રય કરે છે. તેઓ આ ભવમાં જ સ્વર્ગનો અનુભવ કરે છે.*

**१३१०. असाय ( या ) वेयणिज्ज - अशातावेदनीय ( न. )**

*(વેદનીય કર્મની એક પ્રકૃતિ, અશાતાવેદનીય કર્મ)*

**१३११. असार - असार ( त्रि. )**

*(અસાર, સારરહિત)*

*શાસ્ત્રમાં કહેલું છે કે સાધુ કે શ્રાવક મોહને વશ થઈને પોતાના આચારોમાં દોષ લગાડે છે. તેઓ સાધુ અને શ્રાવક ધર્મને સારરહિત બનાવે છે. અર્થાત્ પરભવમાં તે આચરેલા ધર્મનું તેમને કોઈ જ ફળ પ્રાપ્ત થતું નથી. તે ક્રિયાઓ માત્ર કાયક્લેશ બની રહે છે.*

**१३१२. असारंभ - असारम्भ ( पुं. )**

*(પ્રાણીના વધનો સંકલ્પ ન કરવો તે)*

*પરમાત્મા મહાવીરે શ્રેણિક રાજાને કહ્યું કે જો કાલસૌરિક કસાઈ એક દિવસ જીવવધ ન કરે તો તું નરકમાં જવાથી બચી જાય. રાજાએ તેને મનાવવા ખૂબ પ્રયત્ન કર્યો કિંતુ તે ન માન્યો. આથી રાજાએ તેને વટહુકમથી એક કૂવામાં ઉતારી દીધો. જેથી તે કોઈ જીવને હણી ન શકે. કિંતુ ક્રૂર પરિણામ અને અભવ્ય જીવદળના પ્રતાપે તેણે ત્યાં ભીની માટીના જીવ બનાવીને કલ્પનાથી જીવહિંસા આચરી. તેણે ત્યાં પણ પ્રાણીવધ ન કરવાનો સંકલ્પ ન કર્યો. જેના પ્રતાપે મરીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો.*

**१३१३. असावगपाउग्ग - अश्रावकप्रायोग्य ( त्रि. )**

*(શ્રાવકને અનુચિત)*

*આપણી પાસે આખા ગામનો ચોપડો હોય છે. આણે આવું નહોતું કરવું જોઈતુ. આણે અહિં આમ કરવા જેવું હતું. આમ કરાય અને આમ ન કરાય. આ ઉચિત છે અને આ અનુચિત છે. પરંતુ કોઈ દિવસ વિચાર કર્યો છે કે મારો જે કુળમાં જન્મ થયો છે. જે ધર્મની મને પ્રાપ્તિ થઈ છે. તેના ઉચિત મારું જીવન છે કે નહિ ? હું શ્રાવક તરીકે લોકમાં ઓળખાઉં છું તો શ્રાવકને અનુચિત પ્રવૃત્તિ તો નથી આચરતો ને ?*

**१३१४. असावज्ज - असावद्य ( त्रि. )**

*(નિર્દોષ, પાપરહિત)*

*જેનું સામાયિક સ્વયં પરમાત્માએ વખાણ્યું તે પુણિયો શ્રાવક કાંઈ ગરીબ નહોતો. તે ધર્મ પામ્યા પૂર્વે અબજો સંપત્તિનો માલિક હતો. કેટલાય નોકર ચાકરો તેના ઘરમાં કામ કરતાં હતાં. એક દિવસ તેણે વીર પ્રભુની દેશના સાંભળી અને તેનો આત્મા જાગી ઉઠ્યો. તેણે વિચાર્યું કે નિર્દોષ અને પાપરહિત જીવન જીવી શકાતું હોય તો પછી આટલો બધો સમારંભ શા માટે કરવો. અને તેણે તમામ સંપત્તિનો ત્યાગ કરીને એક સાદુ જીવન અપનાવ્યું. તેના સ્વીકારેલા જીવનમાં તેની પત્નીએ પણ તેને સંપૂર્ણ સહયોગ આપ્યો.*

**१३१५. असासय - अशाश्वत ( त्रि. )**

*(અનિત્ય, અસ્થિર, નાશવંત)*

*મન ચંચળ છે. સંબંધ અસ્થિર છે. પુદ્‌ગલ અસ્થિર છે. લાગણીઓ અસ્થિર છે. જીવન અસ્થિર છે. અનિત્ય એવા આ સંસારમાં કોઈ જ વસ્તુ સ્થિર નથી. તેમાં ઉત્પત્તિ સાથે વિનાશ અને પ્રારંભ સાથે અંત જોડાયેલો જ છે. એકમાત્ર મોક્ષસુખ જ નિત્ય અને સ્થિર છે.*

**१३१६. असाहीण - अस्वाधीन ( त्रि. )**

*(પરાધીન, અસ્વતંત્ર)*

*પરાધીન રહેવું કોઈને ગમતું નથી. નોકર માલિકના ત્રાસથી સ્વતંત્ર થવા ઈચ્છે છે. બાળક માતા-પિતાના સૂચનોથી છૂટવા ઈચ્છે છે. વિદ્યાર્થી શિક્ષકના ઠપકાઓથી સ્વતંત્ર થવા ઈચ્છે છે. જ્યારે સાચો જૈન બધી જ પરાધીનતાઓના મુખ્ય કારણભૂત એવા કર્મોના બંધનથી સ્વતંત્ર થવાના પ્રયત્નો કરતો હોય છે.*

**१३१७. असाहु - असाधु ( पुं. )**

*(૧. અમંગલ, અસુંદર ૨. અસંયતિ, અબ્રહ્મચારી ૩. ગોશાળાદિ કુદર્શની ૪. અનર્થહેતુ, અનર્થકારી)*

*સારા કામે જતાં બિલાડી રસ્તો કાપે તો અમંગલ છે. સારા પ્રસંગોમાં અશુભ પશુપક્ષીઓનો અવાજ અમંગલ છે. સારા કાર્ય કરવાના નિર્ણય વખતે જો કોઈને છીંક આવે તો તે અમંગલ છે. આપણે આ બધાને અમંગલ માનીએ છીએ. કિંતુ શાશ્વત સુખમાં બાધક મોહનીયાદિ કર્મોને અમંગલ તરીકે કેમ સ્વીકારતા નથી ?*

**१३१८. असाहुकम्म - असाधुकर्मन् ( न. )**

*(ક્રૂરકર્મ, જન્માંતરમાં કરેલ અશુભ અનુષ્ઠાન)*

*કહેવાય છે કે મોગલ બાદશાહ અકબર પોતાના શાસનકાળમાં કર્મઘ નામનો મહોત્સવ રાખતો હતો. આ મહોત્સવમાં તે એક મહિના સુધી લાહોરના જંગલોમાં વીસ હજાર તીરકામઠાવાળા વાઘરીઓ, શિકારી કૂતરાઓ તથા બીજા શસ્ત્રસરંજામ સાથે હિંસાચાર કરતો હતો. આવા ક્રૂરકર્મવાળો અકબર પણ અહિંસાનો પાલક બની ગયો. તેમાં જગદ્‌ગુરુ હીરસૂરિ મહારાજની સૂક્ષ્મ ચરિત્રની સાધના જ કારણભૂત હતી. તમારો ઉપદેશ બીજા પર જેટલી અસર નથી કરતો તેના કરતા હજારગણી અસર તમારો આચાર કરે છે.*

**१३१९. असाहुदिट्ठि - असाधुदृष्टि ( पुं. )**

*(મિથ્યાદષ્ટિ, પરતીર્થિક)*

*ઘણી વખત સોના કરતાં પિત્તળમાં ચમક વધારે દેખાતી હોય છે. એનો મતલબ એ નથી કે સોના કરતાં પિત્તળ ચઢીયાતું છે. વાઘની ખાલ પહેરવાથી શિયાળ વાઘ નથી બની શકતું. તેમ કેટલાક ચમત્કારો કે વાણીવિલાસથી પરતીર્થીઓએ બતાવેલ ભ્રામક ધર્મ સાચો ધર્મ નથી બની શકતો. સોનું એ સોનું જ રહે છે. તેમ લોકોત્તર ધર્મ તે જ ધર્મ રહે છે. બીજા ખોટા ધર્મો આગળ જતાં પોતાની ઓળખ અને અસ્તિત્વ ગુમાવી જ દે છે. ગોશાળાદિના સ્થાપેલ ધર્મો તેનું જીવંત ઉદાહરણ છે.*

**१३२० असाहुधम्म - असाधुधर्म ( पुं. )**

*(દાનસ્નાનતર્પણાદિ અસંયતિએ બતાવેલ ધર્મ)*

**१३२१. असाहुया - असाधुता ( स्त्री. )**

*(અસાધુતા, સાધુતાનો અભાવ)*

*વેષ હોય તે જ સાધુ અને બીજા અસાધુ એવો કોઈ જ નિયમ નથી હોતો. સાધુતા વેષમાંથી નહિ સ્વભાવમાંથી આવે છે. બાકી સાધુના કપડા તો રાવણે પણ પહેર્યા હતાં. પણ તેનું કૃત્ય અસાધુતાનું હતું. જ્યારે ચિલાતીપુત્રનો વેષ ડાકુનો હોવા છતાં આત્મામાં શુદ્ધસાધુતા પ્રગટીને કેવલજ્ઞાન પામી ગયા. વેષ સાધુનો કદાચ નહિ હોય તો ચાલશે પણ સ્વભાવમાં તો સાધુતા હોવી જ જોઈએ.*

**१३२२. असाहुवं - असाधुवत् ( अव्य. )**

*(અસાધુની પેઠે, અસાધુ સમાન)*

**१३२३. असि - असि ( पुं. )**

*(૧. તલવાર, ખડ્ગ ૨. તલવારધારી નોકરી કરવી તે ૩. નારકીના જીવને તલવાર વડે છેદનાર પરમાધામી)*

*સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં લખ્યું છે કે જે જીવો તીવ્ર કર્મોદયે નરકમાં ઉત્પન્ન થયેલા હોય તે જીવોને વિવિધ પ્રકારના પરમાધામી દેવો કદર્થના કરતાં હોય છે. તેમાં અસિ નામક દેવો તલવાર વડે નારકી જીવોના હાથ,પગ, નાક, કાન, પેટ આદિ અંગો અને ઉપાંગોનું નિરંતર છેદન ભેદન કરતાં હોય છે.*

**१३२४. असिकुंडतित्थ - असिकुण्डतीर्थ ( न. )**

*(મથુરાનું એક તીર્થસ્થાન)*

**१३२५. असिक्खग - अशिक्षक ( त्रि. )**

*(ચિર પ્રવ્રજિત, દીર્ઘચારિત્રી)*

*જેમાં ચૌદપૂર્વો સમાઈ જતાં હતાં એવું બારમું દૃષ્ટિવાદ અંગ જ્યારે વિદ્યમાન હતું, ત્યારે તે કોને ભણાવવું તેનું વિધાન આ પ્રમાણે કરવામાં આવેલું. જે ગુરુકુલવાસનું સદૈવ સેવન કરતો હોય. જે દીર્ઘચારિત્રી અર્થાત્ વીસ વર્ષનો જેનો ચારિત્ર પર્યાય થયો હોય. જેનું દર્શનાવરણીય કર્મ સારા પ્રમાણમાં ક્ષય થયું હોય. તથા ગુરુની દૃષ્ટિએ જે યોગ્યતાને પામેલ હોય તેવા જ જીવને દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવવો.*

**१३२६. असिखुरधार - असिक्षुरधार ( पुं. )**

*(ધારદાર તલવાર, જેની ધારા અત્યંત તીવ્ર છે તેવી તલવાર)*

*આનંદઘનજી મહારાજે સ્તવન ચોવીસી અંતર્ગત ચૌદમાં અનંતજિનની સ્તવના કરતાં લખ્યું છે કે* **'ધાર તલવારની સોહિલી દોહિલી ચૌદમાં જિનતણી ચરણ સેવા'** *અર્થાત્ તલવારની ધાર પર ચાલવું સહેલું છે પરંતુ જિનેશ્વર પરમાત્માએ બતાવેલ ચારિત્રધર્મ પર ચલવું તો તેના કરતાં પણ અતિ દુષ્કર છે. કોઈ વિરલ આત્માઓ જ તેના પર ચાલવાનું સાહસ ખેડી શકતા હોય છે. કાચાપોચાનું તો કામ જ નથી.*

**१३२७. असिखेडग - असिखेटक ( न. )**

*(તલવારયુક્ત મ્યાન)*

**१३२८. असिचम्मपाय - असिचर्मपात्र ( न. )**

*(મ્યાન, તલવારયુક્ત મ્યાન)*

**१३२९. असिट्ठ - अशिष्ट ( त्रि. )**

*(નહિ કહેલું, અકથિત)*

*શાસ્ત્રમાં બે પ્રકારના પદાર્થ હોય છે. પ્રગટ અને અપ્રગટ. કેટલાક પદાર્થોનું સ્પષ્ટ કથન કરવામાં આવેલું હોય છે. જ્યારે કેટલાક*

*પદાર્થો સ્પષ્ટ ન કહેતા દિશા નિર્દેશથી કે પછી ગૂઢાત્મક કહેલા હોય છે. તેવા નહિ કહેલા પદાર્થનું જ્ઞાન માત્ર ગીતાર્થ ગુરુ ભગવંત જ કરાવી શકે છે. માટે જ કહ્યું છે કે તત્ત્વજિજ્ઞાસુ આત્માએ નિરંતર ગુરુકુલની સેવના કરવી જોઈએ.*

**१३३०. असिणाण - अस्नान ( त्रि. )**

*(સ્નાનરહિત)*

*દશવૈકાલિકસૂત્રમાં લખ્યું છે કે સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને પ્રકારની હિંસાના ત્યાગી મુનિવર યાવજ્જીવ શીત કે ઉષ્ણ બન્નેમાંથી કોઈપણ પ્રકારના જલનું સ્નાન કરતાં નથી. તેઓ એકમાત્ર આત્મશુદ્ધિના લક્ષી હોવાથી આજીવન માત્ર શરીરની શુદ્ધિ કરનારા જલસ્નાનરહિત હોય છે.*

**१३३१. असित्थ - असिक्थ ( न. )**

*(પ્રવાહીમય આહાર, જેનો કોળિયો ન કરાય તેવો આહાર, ચોખાદિ લોટનું ધોવણ)*

**१३३२. असिद्ध - असिद्ध ( त्रि. )**

*(૧. સંસારી ૨. હેત્વાભાસનો એક ભેદ)*

*પાંચ હેત્વાભાસમાંનો એક છે અસિદ્ધ હેત્વાભાસ. જે હેતુ વાદી કે પ્રતિવાદીના પક્ષને સિદ્ધ કરવા સમર્થ ન થાય તેવા હેતુને અસિદ્ધ હેતુ કહેવામાં આવે છે. જેમ કે શબ્દ પરિણામી છે ચક્ષુપ્રત્યક્ષ હોવાથી. ચક્ષુપ્રત્યક્ષ હેતુ શબ્દના પરિણામીને સિદ્ધ કરવા ક્યારેય સક્ષમ નથી બનતો. કેમ કે શબ્દ ચક્ષુપ્રત્યક્ષ ન થતાં શ્રવણપ્રત્યક્ષ છે. આવા દુષ્ટહેતુયુક્ત પક્ષને અસિદ્ધ કહેવાય છે.*

**१३३३. असिद्धिमग्ग - असिद्धिमार्ग ( न. )**

*(જેમાં મોક્ષમાર્ગ વિદ્યમાન નથી તેવું અનુષ્ઠાનાદિ)*

*જેટલા પણ ધાર્મિક અનુષ્ઠાનો કે ક્રિયાઓ છે તે બધા અંતિમ મંઝિલ એવા શાશ્વતસુખની પ્રાપ્તિ માટે થતાં હોય છે. આથી જે અનુષ્ઠાનો મોક્ષમાર્ગના સાધક બનતા હોય તે જ ધર્મ છે. ભદ્ર જીવોએ તેનો જ સ્વીકાર કરવો જોઈએ. કિંતુ જે અનુષ્ઠાનો મોક્ષમાર્ગના સાધક ન બનતા દુર્ગતિ લઈ જનારા બનતા હોય. તેવા ભ્રામક અનુષ્ઠાનોનો નિરંતર ત્યાગ કરવો જોઈએ.*

**१३३४. असिधारव्वयं - असिधाराव्रत ( न. )**

*(તલવારની ધાર પર ચાલવા સમાન વ્રત)*

*જે માત્ર અપેક્ષાઓના આધાર પર ચાલે તે સંસારી જીવન. અને જેમાં અપેક્ષા, ઈચ્છાઓને કોઈ જ સ્થાન નથી તે સાધુ જીવન. આવું જીવન જીવવા માટે મન પર અસાધારણ કાબુ જોઈએ. માટે જ તો શાસ્ત્રોમાં કહેલું છે કે સાધુવ્રત તો તલવારની ધાર પર ચાલવા સમાન કઠીન છે.*

**१३३५. असिधारागमण - असिधारागमन ( न. )**

*(તલવારની ધાર પર ચાલવું)*

**१३३६. असिपंजर - असिपञ्जर ( न. )**

*(તલવારનું પાંજરું, જેની ચારે ફરતે તલવાર છે એવું પાંજરું)*

*પૂર્વેના કાળે રાજાઓ એવું પાંજરું બનાવતા હતાં કે જેની ચારેબાજુ તલવાર લાગેલી હોય. તેવા પાંજરામાં ભયંકર અને ક્રૂર દુશ્મનો કે કેદીઓને પૂરવામાં આવતાં. જેથી તે કોઈપણ જાતનું ષડ્યંત્ર કે ઉપદ્રવ ન કરી શકે. કર્મરાજાએ પણ આપણને ચારેય બાજુ ક્રોધ, માન, માયા, લોભ, ક્રૂરતાદિ તલવારોથી વ્યાપ્ત સંસારના પાંજરામાં પૂરી દીધા છે. જે સતત જીવનું પીડન તથા શોષણ કર્યા કરે છે.અને જીવ સંસારરૂપી પાંજરામાંથી ક્યારેય બહાર નીકળી શકતો નથી.*

**१३३७. असिपंजरगय - असिपञ्जरगत ( त्रि. )**

*(તલવારના પાંજરામાં રહેલ)*

**१३३८. असिपत्त - असिपत्र ( न. )**

*(૧. તલવારની ધાર જેવા પાંદડાવાળું વૃક્ષ, નરકમાં રહેલ શાલ્મલી નામક વૃક્ષ ૨. નવમો પરમાધાર્મિક)*

*શાસ્ત્રમાં પંદર પ્રકારના પરમાધામી દેવોમાં નવમાં અસિપત્ર નામક પરમાધામી દેવની જાતિ વર્ણવી છે. આ દેવો નરકમાં ઉત્પન્ન થયેલ નરકના જીવોને પીડા આપવા માટે તલવારની ધાર જેવા પાંદડાવાળું શાલ્મલી નામક વૃક્ષ વિકુર્વે છે. ત્યારબાદ નારક જીવને તે ઝાડ નીચે રાખીને તેના શરીરના તલ જેવડા કટકા કરી નાંખે છે. તેમ કરવામાં તેઓને અતિ આનંદ મળતો હોય છે. જે જીવે પરમાધામીના આવા દુખોથી બચવું હશે તેણે ધર્માચરણ કર્યા વિના છૂટકો નથી.*

**१३३९. असिप्पजीवि ( ण् ) - अशिल्पजीविन् ( पुं. )**
*(શિલ્પ કારીગરી આદિ સાવદ્ય વ્યાપાર ન કરનાર)*
**१३४०. असिमसिसारिच्छ - असिमसिसदृक्ष ( त्रि. )**
*(તલવાર અને કાજલ સમાન)*
**१३४१. असिय ( त ) - असित ( त्रि. )**
*(૧.કૃષ્ણવર્ણ, કાળું ૨. અશુભ ૩. અબદ્ધ, અનિયંત્રિત)*
*આજનો માનવ યંત્રમાનવ બની ગયો છે. તેનો બધો જ કાર્યક્રમ ટાઈમટેબલ પ્રમાણે નિયંત્રિત હોય છે. સવારે ઉઠવું, ચા-નાસ્તો કરવો, તૈયાર થવું, કામ પર જવું, કયું કાર્ય કયા સમયે અને કેટલા ટાઈમમાં કરવું વગેરે વગેરે. તે બધા જ કાર્યોને પોતાના નિયંત્રણમાં રાખે છે. એકમાત્ર અપેક્ષા, મહત્ત્વાકાંક્ષાઓ જ અનિયંત્રિત રહી જાય છે. જે મનુષ્ય ઈચ્છાઓને નિયંત્રિત કરે છે. સાચા અર્થમાં તે જ સફળતાને પ્રાપ્ત કરે છે.*
**१३४२. असियकेस - असितकेश ( त्रि. )**
*(જેના કેશ કાળા છે તે, યુગલિક મનુષ્ય)*
*માથામાં સફેદવાળ ઢળતી ઉંમરની નિશાની છે. પૂર્વના કાળમાં રાજાઓ માથામાં એક પણ સફેદવાળ દેખાય એટલે રાજ્ય, ભોગવિલાસાદિનો ત્યાગ કરીને સંન્યાસાશ્રમ સ્વીકારી લેતા હતાં. વૃદ્ધાવસ્થા કે વાળનું સફેદ થવું તે અસિમસિકૃષિ પ્રધાન ભરત આદિ ક્ષેત્રમાં જ જોવા મળે. જ્યારે યુગલિક મનુષ્યો જન્મથી લઈને મરણ સુધી યુવાન જ રહેતા હોય છે. અને તેમના વાળ ક્યારેય પણ સફેદ થતાં નથી. આવો જન્મ પૂર્વકૃત ધર્મના પ્રતાપે જ પ્રાપ્ત થતો હોય છે.*
**१३४३. असियग - असितक ( न. )**
*(દાતરડું)*
**१३४४. असियगिरि - असितगिरि ( पुं. )**
*(તે નામે પ્રસિદ્ધ પર્વત)*
**१३४५. असिरयण - असिरत्न ( न. )**
*(ચક્રવર્તીના ચૌદ રત્નોમાંનું એક રત્ન)*
**१३४६. असिरावणिकूवखननसम - असिरावकूपखननसम ( त्रि. )**
*(ન્યાયવિશેષ, અવિવક્ષિત ફળ છે જેનું તે)*
*આ એક ન્યાયવિશેષ છે. જ્યારે કોઈ વ્યક્તિ એવી પ્રવૃત્તિ કરતો હોય જેનું વિવક્ષિત અર્થાત્ ઈચ્છિત ફળ પ્રાપ્ત થવાનું ન હોય. તે સમયે ઉપમાઘટક આ ન્યાયનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે રેતમાંથી તેલ કાઢવું. બાવળ પાસેથી આંબાની ઈચ્છા રાખવી. તેમ જે સ્થાનમાંથી જલની પ્રાપ્તિ થવાની નથી તેવા સ્થાનમાં કુવાનું ખોદવું નિરર્થક છે.*
**१३४७. असिलक्खण - असिलक्षण ( न. )**
*(૧. તલવારના લક્ષણોનું જ્ઞાન ૨. તલવારના લક્ષણોનું પ્રતિપાદક શાસ્ત્ર)*
*પૂર્વે એક યોદ્ધા જેમ યુદ્ધકલામાં કુશળ હતો તેમ યુદ્ધમાં ઉપયોગી શસ્ત્રોના લક્ષણોનો પણ સારો જાણકાર હતો. યુદ્ધમાં વપરાતી તલવાર કેટલી લાંબી, કેટલી ધારદાર, કઈ શુભ કે કઈ અશુભ, કેટલા વજનવાળી, કેવા આકારવાળી વગેરેનું જ્ઞાન તે સારા પ્રમાણમાં ધરાવતો હતો. એક સાધક આત્મા પણ કર્મો સાથે યુદ્ધ કરે છે. અને ક્ષમા, દયા, કરુણા વગેરે તેના શસ્ત્રો છે. સાધક યોદ્ધાને તે શસ્ત્રોનું જ્ઞાન અને ઉપયોગનું જ્ઞાન હોવું આવશ્યક છે. વર્તમાન કાળમાં તલવારાદિ શસ્ત્રો નથી ચાલતા કિંતુ પ્રભુ મહાવીરના શસ્ત્રોનો તો દરેક સાધક અનંતાકાળ સુધી ઉપયોગ કરી શકે તેવા છે.*
**१३४८. असिलट्ठि - असियष्टि ( स्त्री. )**
*(તલવારની લાકડી, ગુપ્તી)*
**१३४९. असिलाहा - अश्लाघा ( स्त्री. )**
*(નિંદા, અપકીર્તિ, પ્રશંસા ન કરવી)*
*શાસ્ત્રોમાં કહેલું છે કે જે આત્મા પોતાની પ્રશંસા કે શાબાશીને પચાવી શકવા સક્ષમ હોય. તેવા જીવની માતા-પિતાએ કે ગુરુજને પ્રશંસા કરવી જ જોઈએ. કિંતુ જે જીવ તેવા પ્રકારનો નથી તેવા જીવની સારા કાર્ય બદલ જેમ પ્રશંસા ન કરાય તેમ તેને કઠોર વચનો પણ ન કહેવા જોઈએ. અન્યથા વિપરીત માર્ગે જવાના અનર્થો પણ સર્જાઈ શકે છે.*

**१३५०. असिलील - अश्लील ( न. )**
*(નિંદનીય, બિભત્સ)*
*શિષ્ટજનોમાં તો ઠીક પણ વ્યવહાર જગતમાં પણ મન, વચન અને કાયાની જે પ્રવૃત્તિ ત્યાજ્ય અને નિંદનીય મનાતી હોય. તેને અશ્લીલ કહેવાય છે. યશ અને કીર્તિનો કામી જીવ આવી અશ્લીલ પ્રવૃત્તિનો ત્યાગી હોય છે. જ્યારે સાધક આત્મા તો વિશેષરૂપે તેનો ત્યાગ કરનારો હોય છે.*
**१३५१. असिलेसा - अश्लेषा ( स्त्री. )**
*(તે નામે એક નક્ષત્ર)*
**१३५२. असिलोग - अश्लोक ( न. )**
*(નિંદા, અપકીર્તિ)*
**१३५३. असिलोगभय - अश्लोकभय ( न. )**
*(અપકીર્તિનો ભય, નિંદાનો ભય)*
*કોઈ વ્યક્તિ સત્કાર્યાદિ યશસ્વી કાર્ય કરતાં એમ વિચારે કે દાનાદિ કાર્યો કર્યા પછી પાછળથી કોઈ તેમાંથી ભૂલ નીકાળશે તો અપયશ થશે. માટે તેવું કાર્ય ન કરવું સારું. એમ અપકીર્તિના ભયે સત્કાર્યોથી પોતાના આત્માની ઉન્નતિ અટકાવવી તે તો સરાસર અવિચારી પગલું છે. કેમ કે આ જગતમાં જેમ પ્રશંસા કરનારા લોકો છે તેમ નિંદા અને અપયશ ફેલાવનારા પણ છે. કોઈપણ સત્કાર્ય કરો એટલે દૂધમાંથી પોરા કાઢવાની પ્રકૃતિવાળાઓ કાંઈકને કાંઈક ભૂલ કાઢીને નિંદાની મજા માણતા હોય છે.*
**१३५४. असिव - अशिव ( न. )**
*(૧. દેવકૃત ઉપદ્રવ ૨. મારીમરકી આદિ રોગચાળો)*
*કોઈ દેવ ગામ કે નગર પર કોપાયમાન થયો હોય. અને આખા ગામાદિમાં એવો રોગચાળો ફેલાવી દે કે જેથી લોકો ટપોટપ મરવા મંડે. તેને શાસ્ત્રીયભાષામાં અશિવ કહેવાય છે. પરમાત્માના ચોત્રીસ અતિશયમાં એક અતિશય એવો છે કે પરમાત્મા જે ક્ષેત્રમાં વિચરતા હોય તેમની ચારે ફરતે સવાસો યોજન સુધી કોઈ મારીમરકી સંભવી શકતી નથી. જો પહેલેથી ઉત્પન્ન થયેલ હોય તો તેમના પ્રભાવથી નાશ પામે છે.*
**१३५५. असिवण - असिवन ( न. )**
*(તલવાર આકારના પાંદડાવાળું વન)*
**१३५६. असिवप्पसमणी - अशिवप्रशमनी ( स्त्री. )**
*(કૃષ્ણ વાસુદેવની ભેરી)*
*નવમાં વાસુદેવ કૃષ્ણની પાસે દેવે આપેલ અશિવપ્રશમની નામક એક ભેરી હતી. તેનો ગુણ એવો હતો કે જે વ્યક્તિ તે ભેરીના શબ્દને સાંભળે તેના સાધ્ય કે અસાધ્ય બધા જ રોગો નાશ પામી જતાં. કૃષ્ણ મહારાજા દર છ મહિના એક વાર તે ભેરીનું વાદન નગરમાં કરાવતા હતા. જેથી રોગથી પીડાતા લોકોના રોગો દૂર થાય.*
**१३५७. असिवाइखेत्त - अशिवादिक्षेत्र ( न. )**
*(ઉપદ્રવાદિ પ્રધાન ક્ષેત્ર)*
*શાસ્ત્રમાં સાધુને જેમ ચાતુર્માસ સ્થિરતા કરવાના ગુણકારી ક્ષેત્રોનું વર્ણન કર્યું છે. તેમ ચાલુ ચાતુર્માસે કયા સંજોગોમાં વિહાર કરી જવો તેનું પણ વિધાન કરવામાં આવેલ છે. જે ક્ષેત્રમાં જીવજંતુ, રોગચાળો કે અગ્નિ વગેરેનો ભય હોય તેવા ઉપદ્રવપ્રધાન ક્ષેત્રોનો ચાલુ ચાતુર્માસે સાધુ ત્યાગ કરે તો તેમાં આજ્ઞાભંગ થતો નથી.*
**१३५८ असिवावण - अशिवापन ( न. )**
*(વિનાશની પ્રાપ્તિ)*
*પુરુષાર્થપ્રધાન જિનધર્મમાં ભાગ્યને પણ વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. મનુષ્યની ઉન્નતિમાં જેમ પુરુષાર્થ નિમિત્ત કારણ છે. તેમ ભાગ્ય પણ ઉત્કર્ષમાં ભાગ ભજવે છે. ભાગ્ય બળવાન હોય તો આપત્તિ પણ સંપત્તિ બની જાય છે. અને જો ભાગ્ય નબળું હોય તો સંપત્તિઓ પણ વિપત્તિમાં પરિણમે છે. માણસ ગમે તેટલું સીધું કરવાના પ્રયત્નો કરતો હોય પણ વિનાશ તેને સામેથી આવીને મળે છે. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે કે તમારા પુણ્યકર્મને એટલું મજબૂત બનાવો કે તમારા સત્કાર્યોમાં વિઘ્નો ક્યારેય ન આવે.*

**१३५९. असिह - अशिख ( पुं. )**
*(મુંડ મસ્તક ગૃહસ્થ)*
*જે વ્યક્તિ માત્ર મસ્તકે મુંડન કરાવે પરંતુ રજોહરણ, પાત્ર, દાંડો વગેરે સાધુના કોઈપણ ઉપકરણને ધારણ ન કરે. તેવા ગૃહસ્થને અશિખ કહેવાય છે.*
**१३६०. असीइ - अशीति ( स्त्री. )**
*(સંખ્યાવિશેષ, એંસી)*
**१३६१. असीभरक - असीभरक ( पुं. ) ?**
*(લાલસાથી અન્યને ન સીંચવું તે)*
**१३६२. असीलया - अशीलता ( स्त्री. )**
*(૧. શીલનો અભાવ ૨. ચારિત્રનો અભાવ)*
*એક ચિંતકે બહુ જ સરસ વાત કરી છે. શીયળ, ચારિત્ર તે નથી જે તમે લોકોની સામે બોલો કે વર્તો છો. કિંતુ તમે જ્યારે એકલા હોવ. તમને કોઈ જોતું ન હોય તે સમયે તમે જે વિચારો, બોલો કે વર્તો છો. તે જ તમારું ખરું ચારિત્ર છે. લોકો સામે ચારિત્રવાન્ દેખાવું અને એકાંતમાં તેનો સર્વથા અભાવ હોય તો તેવા ચારિત્રની જ્ઞાનીની દૃષ્ટિએ કોઈ જ કિંમત નથી.*
**१३६३. असीलमंत - अशीलवत् ( त्रि. )**
*(૧. અસંયમી ૨. અબ્રહ્મચારી)*
*બ્રહ્મ એટલે આત્મા. જે ક્રિયા જીવને શુદ્ધ આત્મા તરફ લઈ જનારા હોય તેને આચાર કહેવાય છે. તેવા આચારોનું પાલન કરનાર બ્રહ્મચારી કહેવાય છે. કિંતુ જે જીવ સ્વાર્થવશ તે આચારોમાં છૂટછાટ લઈને અસંયમનું સેવન કરે છે. તે અબ્રહ્મચારીની કક્ષામાં સમાવિષ્ટ થાય છે. આવો અસંયમી આત્મા એકાંતે પોતાના આત્માનું અહિત કરે છે. કેમ કે અસંયમ જીવને આત્મશુદ્ધિથી દૂર લઈ જાય છે. અને અશુદ્ધ આત્મા સ્વ કે પર કલ્યાણ સાધી શકતો નથી.*
**१३६४. असुअ - असुत ( त्रि. )**
*(અપુત્ર, પુત્રરહિત)*
*પ્રસન્ન થયેલ આરાસુરી માં અંબિકાએ વિમલમંત્રીને કહ્યું કે તમે મારી જોડે વરદાન માંગો. પરંતુ જોડે એક શરત છે કે આરસ કે વારસ બેમાંથી કોઈપણ એક જ વસ્તુ હું તમને આપીશ. ત્યારે તેમણે પત્નીને પૂછીને જણાવવાનું કહ્યું. જ્યારે પત્નીને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે તેમાં પૂછવાનું શું હોય. તમારે કહી દેવું હતુંને કે મારે આરસ જોઈએ છે. કેમ કે આવનારો વારસ આપણી કીર્તિ કરાવી શકે છે તેમ અપકીર્તિ પણ ફેલાવી શકે છે. જ્યારે આરસ દ્વારા શાસનની આરાધના થશે અને ઈતિહાસમાં તમારી કીર્તિ સુવર્ણાક્ષરે લખાશે. પત્નીના કથનથી વિમલમંત્રીએ દેવી પાસે આરસની માંગણી કરી. તેઓએ અપુત્રીયા રહેવાનું પસંદ કરીને શાસનની સેવા કરી. આવા વિરલ આત્મા ક્યાં જોવા મળશે ?*
**१३६५. असुआगइ - अस्वाकृति ( स्त्री. )**
*(ન્યગ્રોધ નામક અપ્રશસ્ત સંસ્થાન)*
*છ પ્રકારના સંસ્થાનમાં ન્યગ્રોધ નામક સંસ્થાન આવે છે. આ સંસ્થાનને પ્રાપ્ત જીવના ઉપરના દેહની આકૃતિ પ્રમાણસર હોય છે. કિંતુ નાભિની નીચેના અવયવો અપ્રમાણવાળા અર્થાત્ નાનામોટા કે વાંકાચૂંકા હોય છે. તેનું અસ્વાકૃતિ એવું બીજું પણ નામ છે.*
**१३६६. असुइ - अशुचि ( त्रि. )**
*(૧. અશુદ્ધ, અપવિત્ર ૨. વિષ્ઠા, અમેધ્ય)*
*વ્યવહારસૂત્રમાં અશુચિ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે કહેલી છે. મળ, મૂત્ર યુક્ત કે સ્નાનરહિત ગાત્ર તે દ્રવ્ય અશુદ્ધિ છે. તેમજ આહાર, ઉપધિ, શય્યાદિ ઉપકરણોમાં રાગદ્વેષનો ભાવ કરવો તે ભાવ અશુદ્ધિ છે. મલયુક્ત શરીર માત્ર પાણીના એક પ્રવાહથી સાફ થઈ જાય છે. કિંતુ રાગદ્વેષના ભાવથી મલિન થયેલ આત્માને સાફ કરવા માટે ભવોના ભવો લાગી જાય છે. માટે વિવેકીજને તેવા અશુભ ભાવોથી આત્મા અપવિત્ર ન થઈ જાય તેનું ધ્યાન રાખવું જોઈએ.*
**१३६७. ★ अश्रुति ( त्रि. )**
*(શાસ્ત્ર શ્રવણરહિત)*
*પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ, સત્ય-અસત્ય વગેરે વાતોને જાણવા અને સમજવા માટે શાસ્ત્રોનું શ્રવણ તે ઉત્તમ માધ્યમ છે. જે જીવ પ્રતિદિન ગુરુમુખે શાસ્ત્રો સાંભળે છે, તે જીવમાં વિવેક ગુણનો વિશેષ કરીને પ્રાદુર્ભાવ થતો હોય છે. અને જે જીવમાં વિવેક ગુણ*

*વિદ્યમાન હોય છે તેને સંસારના કોઇપણ વિઘ્નો કે વિકટ પરિસ્થિતિઓ મૂંઝવી શકતા નથી. સાંસારિક વિઘ્નો તો શાસ્ત્રશ્રવણના અભાવે વિવેક ગુણરહિત જીવને જ પરેશાન કરી શકે છે.*

**१३६८. असुइकुणिम - अशुचिकुणिम ( न. )**

*(અપવિત્ર માંસ)*

**१३६९. असुइजायकम्मकरण - अशुचिजातकर्मकरण ( न. )**

*(જન્મ સમયે નાલછેદન કર્મ કરવું તે)*

*બાળક જન્મ પામે ત્યારે માતા અને બાળક બન્નેનો જીવ બચાવવા માટે એકસૂત્રે જેનાથી જોડાયેલ હોય તેવી નાલનું છેદન કરવામાં આવે છે. આ કાર્ય પ્રસૂતિ કરાવનાર સ્ત્રી કે વર્તમાનકાળમાં ડૉક્ટરો કરતાં હોય છે. શાસ્ત્રમાં પરમાત્માના જન્મસમયે પણ દિક્કુમારીકા દ્વારા નાલછેદન કરવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પરમાત્માની નાલછેદન કરીને દિક્કુમારીકા દેવીઓ પુણ્યનો બંધ અને કર્મોનો ક્ષય કરતી હોય છે. તેવો લાભ પણ અતિભાગ્યશાળી આત્માઓને જ પ્રાપ્ત થતો હોય છે.*

**१३७०. असुइट्ठाण - अशुचिस्थान ( न. )**

*(વિષ્ઠાસ્થાન)*

*શાસ્ત્રમાં શ્રેષ્ઠીપુત્ર લલ્લિગનું કથાનક આવે છે. રાણી સાથે ભોગ ભોગવવાની લાલસાએ રાજમહેલમાં પ્રવેશ્યા બાદ અચાનક રાજા આવી જતાં રાજાથી બચવા વિષ્ઠાના સ્થાનભૂત એવા પાયખાનામાં છૂપાઇ જવું પડ્યું હતું. અને ત્યાં તેને દિવસોના દિવસો સુધી રહેવું પડ્યું. અંતે બેભાન અવસ્થામાં ખાળના પાણી સાથે તણાઇને ગામની બહારના મહાવિષ્ઠા સ્થાને આવ્યો અને સૌભાગ્યવશ તે બચી ગયો. આવું એકવાર નહિ કિંતુ બબ્બે વાર બન્યું. હાય રે ! ભોગલાલસાની વિચિત્રતા કેવી છે. આટલું દુખ વેઠવા છતાં તે પુનઃ પુનઃ તેને મેળવવાની કામના કરતો રહે છે.*

**१३७१. असुइत्तभावणा - अशुचित्वभावना ( स्त्री. )**

*(બાર ભાવનામાંની છઠ્ઠી ભાવના, અશુચિમય દેહનું ચિંતવન)*

*માણસ સત્યનો આગ્રહી હોય છે. કોઇ તેની પાસે જુઠ્ઠું બોલે કે ચાલકી કરે તેને પસંદ પડતું નથી. તરત જ મનમાં માઠું લાગી આવશે કે તે મારી પાસે ખોટું કેમ બોલ્યો ? તેણે આવું કરવું જોઈતું નહોતું. પણ આવી અપેક્ષાવાળો માનવી પોતાના આત્મા સાથે વિશ્વાસઘાત કરે છે તે તેને દેખાતું નથી. તે જાણે છે કે આ શરીર માત્રને માત્ર અશુચિ અને ગંદકીથી ભરેલું છે. તે શાશ્વત રહેવાનું નથી. છતાં પણ તેની સારસંભાળ અને ટાપટીપમાંથી ઊંચો આવતો નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે આવા શરીર પ્રત્યે મોહ થવાથી અશુભ કર્મોનો બંધ ન થઇ જાય તે માટે પ્રતિદિન અશુચિભાવના ભાવવી જોઇએ. કેમ કે ભાવના ભવનાશિની હોય છે.*

**१३७२. असुइबिल - अशुचिबिल ( न. )**

*(અત્યંત અપવિત્ર છિદ્ર)*

*આમ તો આખું શરીર અશુચિથી પરિપૂર્ણ છે. છતાં પણ શાસ્ત્રમાં પુરુષના એવા દસ સ્થાન બતાવ્યા છે, જેમાંથી અશુચિનો પ્રવાહ નિરંતર વહ્યા કરે છે. ગમે તેટલી વાર સાફ કરવા છતાં અશુચિ વહેવાનું બંધ થતું નથી. જિનેશ્વર ભગવંત કહે છે કે, તેવા અત્યંત અપવિત્ર છિદ્રોનું ચિંતન કરીને આત્મામાં વૈરાગ્યભાવ પ્રબળ બનાવવો જોઇએ.*

**१३७३. असुइय - अशुचिक ( त्रि. )**

*(અપવિત્ર છે સ્વરૂપ જેનું તે, અપવિત્ર એવા મળમૂત્રાદિ)*

*શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે બીજા કશાથી વૈરાગ્ય થતો ન હોય. અથવા પછી ધર્મ પ્રત્યે રુચિ જાગતી ન હોય, તો દરરોજ પ્રાતઃકાળે અત્યંત અપવિત્ર સ્વરૂપવાળા પોતાના મળમૂત્રાદિનું દર્શન કરવું જોઇએ. તેનાથી સંસારના સ્વરૂપનો પ્રત્યક્ષ બોધ થઈ જશે. કેમ કે ગઇકાલે જે માલમલીદા ખાવા માટે જીભ તલપાપડ થતી હતી. તેના ભોજન બાદ બીજા દિવસે તેનું સ્વરૂપ એવું બદલાઇ જાય છે કે તેને જોવાનું પણ માણસ પસંદ કરતો નથી. તેનું સ્વરૂપ અત્યંત જુગુપ્સનીય બની જાય છે.*

**१३७४. असुइसंकिलिट्ठ - अशुचिसंक्लिष्ट ( न. )**

*(અપવિત્ર પદાર્થોથી દૂષિત થયેલ)*

**१३७५. असुइसमुप्पण्ण - अशुचिसमुत्पन्न ( त्रि. )**

*(અપવિત્રતામાં ઉત્પન્ન થયેલ)*

*આ શરીરની ઉત્પત્તિ જ અપવિત્રતામાં થયેલી હોય પછી તેમાં શુદ્ધિની અપેક્ષા રાખવી જ નિરર્થક છે. આત્મા જ્યારે માતાના ગર્ભમાં આવે છે. ત્યારથી તે અત્યંત દુર્ગંધમય મળમૂત્ર, માંસપેશીઓની વચ્ચે આંતરડાઓથી વિંટળાઇને રહેતો હોય છે. તેમજ*

પોતાના શરીરની રચના પણ માતાએ આરોગેલ ખોરાકમાંથી કરતો હોય છે. જે આહાર વિકૃતિને પામેલ હોય છે. આવી અપવિત્રતામાંથી જે શરીર ઉત્પન્ન થયેલું હોય તેમાં રાગ કરવો કેટલો યોગ્ય ગણાય ?

**१३७६. असुइसामंत - अशुचिसामन्त ( न. )**

*(અશુચિમય વસ્તુની સમીપ રહેલ)*

**१३७७. असुखगइ - असुखगति ( स्त्री. )**

*(અપ્રશસ્ત વિહાયોગતિ)*

*મૃત્યુ થયા પછી આત્મા જે નીચયોનિ કે અશુભગતિમાં ઉત્પન્ન થવાનો હોય તે ગતિને અશુભવિહાયોગતિ કે અસુખગતિ કહેવાય છે. તિર્યંચમાં પણ જો તે કૂતરા, બિલાડા કે સર્પ વગેરેના ભવને પામવાનો હોય તો તે પણ અશુભવિહાયોગતિ જ છે. કિંતુ જો તે હસ્તિ, સિંહ, હંસ જેવા પ્રશંસનીય ભવને પામતો હોય તો તે પ્રશસ્તવિહાયોગતિ કહેવાય છે. ભવ ભલે તિર્યંચનો છે પણ તેમાં પણ ઊચ્ચજાતિ છે.*

**१३७८. असुजाइ - असुजाति ( स्त्री. )**

*(એકેંદ્રિયથી ચઉરેંદ્રિય સુધીની અપ્રશસ્ત ગતિ)*

*જેમ શરીરની વિકલતા કે વક્રતા તે અપ્રશસ્ત અને અશુભ કહેવાય છે. તેવી રીતે ઇંદ્રિયોની વિકલતા પણ અશુભ માનેલી છે. શાસ્ત્રમાં એકેંદ્રિયથી લઇને ચઉરેંદ્રિય સુધીની ગતિને અશુભ કે અસુજાતિ તરીકે વર્ણવેલી છે.*

**१३७९. असुज्झमाण - अशुध्यत् ( त्रि. )**

*(શુદ્ધિ નહિ પામતો)*

*ભૂતકાળના અનંતા તીર્થંકરો, વર્તમાન ચોવીસીના તીર્થપતિઓ તથા ભવિષ્યમાં થનારા અનંતા તીર્થંકર ભગવંતો જે દેશના આપે છે. તેનો એકમાત્ર સાર હોય છે કે તમે તમારા આત્માને શુદ્ધ કરો. તેના માટે એવું જરૂરી નથી કે મારા ધર્મમાં જ રહો. પણ તમારી મનવનચનકાયાની પ્રત્યેક પ્રવૃત્તિ આત્માને શુદ્ધ કરનારી હોવી જોઇએ. નહીતર ધર્મના નામે અધર્મ આચરતો આત્માની શુદ્ધિને પ્રાપ્ત કરતો નથી. તેમજ શુદ્ધિ નહિ પામતો આત્મા સંસારસમુદ્રના વમળોમાં આમથી તેમ અટવાયા કરે છે.*

**१३८०. असुद्ध - अशुद्ध ( त्रि. )**

*(૧. સાવદ્ય અનુષ્ઠાન કરનાર ૨. અશુદ્ધ, દોષ યુક્ત)*

*ધર્મસ્થાનો, ગ્રંથો કે અનુષ્ઠાનો આત્માની શુદ્ધિ અને શાશ્વત સુખની પ્રાપ્તિ માટે હોય છે. અને તે સુખની પ્રાપ્તિ બીજા જીવોને ખુશી આપવાથી જ મળે છે. જેમાં કોઇ જ પ્રકારની હિંસા નથી તેવા અનુષ્ઠાનો શુદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરાવવામાં પ્રધાન કારણ બને છે. તેમાં કોઇ બે મત નથી. પરંતુ જેમાં જીવોની હિંસા થતી હોય તેવા અનુષ્ઠાનો કદાપિ ધર્મ બનતા નથી. સમજી રાખો કે કોઇના દિલને દુભાવવાથી કે પ્રાણોનો નાશ કરવાથી તાત્ત્વિક સુખ ક્યારેય પ્રાપ્ત થતું નથી.*

**१३८१. असुद्धभाव - अशुद्धभाव ( पुं. )**

*(અપ્રશસ્ત અધ્યવસાય)*

*કોઇક સ્થાને એક સુવાક્ય વાંચેલું કે* **'ચીજ માટે ક્યારેય ચિત્ત ન બગાડો'** *માણસ નાશવંત અને થોડા સમયમાં જેના પરથી રાગ પણ ચાલ્યો જવાનો છે, તેવી વસ્તુને મેળવવા માટે પોતાના મનની શાંતિને ડોહળી નાંખે છે. તેનું ચિત્ત સતત અશુભ ધ્યાનમાં પરોવાઇ જાય છે. તેને બીજું કાંઇ જ સૂઝતું નથી. જ્ઞાની મહર્ષિઓ કહે છે કે પદાર્થો તો આવતાં જતાં રહે છે. પણ જો મન અશુદ્ધભાવમાં ચાલ્યું જશે તો પછી પ્રશસ્ત અધ્યવસાય પામવો દુર્લભ બની જાય છે. માટે ચેતતો નર સદા સુખી હોય છે.*

**१३८२. असुद्धसभाव - अशुद्धस्वभाव ( पुं. )**

*(વસ્તુ વિશેષે બાહ્ય ભાવોમાં પરિણમન પામવા યોગ્ય)*

*દ્રવ્યાનુયોગતર્કણા સટીક ગ્રંથમાં અશુદ્ધસ્વભાવની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે* **'उपाधिजनितबहिर्भावपरिणमनयोग्य'** *આત્માનો સ્વભાવ છે અંતર્ભાવમાં રમણ કરવું. છતાં સંસારભાવને પામેલ હોવાથી સાંસારિક નિમિત્તોને વશ થઇને ચિત્ત બાહ્યભાવોમાં પ્રવૃત્તિ કરવા લાગે છે અને ચિત્તમાલિન્યને પામે છે. તેને અશુદ્ધસ્વભાવ કહેવાય છે.*

**१३८३. असुभ ( ह ) - अशुभ ( त्रि. )**

*(૧. અમંગલ, અશુભ ૨. અસુંદર, ખરાબ ૩. અશુભકર્મ ૪. દુખ)*

*સુંદર રંગબેરંગી ફૂલો અને ગુલાબોથી મહેકતા ઉદ્યાનની નજીકમાં ઉકરડો હોય તો બગીચાની સુંદરતા ખંડિત થઇ જાય છે. રાજમહેલ જેવા શોભતા ઘરની નજીકમાં રહેલ ઝૂંપડી ઘરની સુંદરતાને નષ્ટ કરે છે. તેમ અસત્કાર્યોમાં કરાતી ચેષ્ટા અનંત જ્ઞાન-*

દર્શન અને ચારિત્રથી શોભતા આત્માના ગુણોને તહસનહસ કરી નાંખે છે. તેનાથી આત્માની સુંદરતા છૂપાઈ જાય છે અને અસુંદરતા છતી થાય છે.

**१३८४. असुभ ( ह ) कम्मबहुल - अशुभकर्मबहुल ( त्रि. )**

*(અશુભ કર્મની પ્રચુરતા છે જેને તે)*

*ત્રાજવાનો નિયમ છે કે જે બાજુ વજન વધારે હોય તે બાજુ તે નમી જાય છે. આત્માના પણ આવા કેટલાક અબાધિત નિયમો છે. આત્મામાં શુભ કર્મોની પ્રચુરતા થશે તો તેની ઊચ્ચકુળ, સ્વર્ગ કે મોક્ષ તરફ ગતિ થશે. અને જો તેનામાં અશુભ કર્મોની પ્રચુરતા વધશે તો તેની નીચકુળ, નરક કે નિગોદ જેવા સ્થાનોમાં ગતિ થવી નિશ્ચિત છે. આજના સ્માર્ટયુગમાં આ વાતો સૌ કોઈ સમજી જ શકે છે.*

**१३८५. असुभ ( ह ) किरियादिरहिय - अशुभक्रियादिरहित ( त्रि. )**

*(અશુભ કાયચેષ્ટાદિ રહિત)*

*જે પ્રવૃત્તિથી બીજાનું અહિત થાય કે ન થાય પરંતુ પોતાના આત્માનું તો નિશ્ચે અહિત થાય જ. તેવી પ્રવૃત્તિઓને અશુભ કહેલ છે. ભવાભિનંદી જીવોની ચેષ્ટા એકાંતે અશુભ અને કર્મબંધ કરાવનારી હોય છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ અને શ્રાવકની ચેષ્ટા કર્મના ક્ષયોપશમ કરનારી અને સમસ્ત સંસારનો ત્યાગ કરનારા શ્રમણ ભગવંતોના મન વચન અને કાયાની ચેષ્ટા માત્રને માત્ર કર્મનિર્જરા કરાવનારી હોય છે. કેમ કે તેઓ સર્વથા અશુભક્રિયાદિ રહિત હોય છે.*

**१३८६. असुभ ( ह ) ज्झवसाण - अशुभाध्यवसान ( न. )**

*(અશુભ અધ્યવસાય, ક્લિષ્ટ આત્મપરિણામ)*

*વચન અને કાયાની ચેષ્ટા ભલે ગમે તેટલી શુદ્ધ હોય પણ મનના પરિણામ અશુદ્ધ હોય તો તે પ્રવૃત્તિ માત્ર કાયક્લેશ બની રહે છે. અભવ્ય આત્મા મોક્ષપ્રાપ્તિને યોગ્ય ઉત્તમ ચારિત્રની આરાધના કરીને પણ માત્ર દેવલોક સુધી સીમિત રહે છે. તેમાં કારણ છે તેના આત્માના અશુભ અધ્યવસાય. જ્યારે શુદ્ધ અધ્યવસાયે અઈમુત્તા મુનિ જેવા એક ઈર્યાવહી કરવા માત્રથી મોક્ષ મેળવી જાય છે.*

**१३८७. अशुभ ( ह ) णाम - अशुभनामन् ( न. )**

*(અશુભ નામકર્મ, નામકર્મની એક પ્રકૃતિ)*

*કોઈ માથે પગ મૂકીને નીકળી જાય તો પણ જાણે આનંદ થાય છે. અને કોઈનો સામાન્ય હાથ કે પગ લાગી જાય તો તેને ન બોલવાના શબ્દો કહેવા લાગી જઈએ છીએ. આ બધો પ્રભાવ નામકર્મ પ્રકૃતિને આભારી છે. શુભ નામકર્મના ઉદયે તમે લોકોને પ્રિય થઈ જાવ છો. તેમજ અશુભ નામકર્મની ઉદયવેળાએ તમે સારું પણ કરો તેમ છતાં તમારે સાંભળવાનો વારો આવે છે. આમાં વાંક બીજાનો નહિ પરંતુ આપણે સ્વયં બાંધેલા કર્મો છે. પંચસંગ્રહ ગ્રંથમાં કહ્યું છે કે જે કર્મના ઉદયે નાભિના નીચેના ભાગના અવયવો અશુભ મળે તે અશુભ નામકર્મ જાણવું.*

**१३८८. असुभ ( ह ) तरंडुत्तरणप्पाय - अशुभ ( असुख ) तरण्डोत्तरणप्राय ( त्रि. )**

*(અશુભ કે અસુખકારી કંટકાદિ વડે પાર પામવા સમાન)*

*દુખથી બચવા માટે કે સુખપ્રાપ્તિની આશાએ જે સ્વયં દુખનું કારણ છે તેવા કંટકાદિનો આશ્રય કરે તેને આપણે શું કહીશું ? મૂર્ખ જ ને ! તેવી જ રીતે જે ભોગ સામગ્રીઓ સ્વયં કર્મબંધની કારણ અને અતૃપ્તિની જનની છે. તેના વડે તૃપ્તિની અપેક્ષાઓ રાખવી કેટલી વ્યાજબી કહેવાય ?*

**१३८९. असुभ ( ह ) त्त - अशुभत्व ( न. )**

*(અશુભપણું, અમંગલપણું)*

**१३९०. असुभ ( ह ) दुखभागि ( ण् ) - अशुभदुःखभागिन् ( त्रि. )**

*(અશુભ પ્રકૃતિજન્ય દુખનો ભાગી)*

*વીજળીને હાથ લગાડવાથી જ કરંટ લાગે છે. કાદવમાં પથ્થર ફેંકવાથી જ ગંદકી ઉડે છે. કેળાની છાલ પર પગ પડે તો જ લપસી જવાય છે. તેમ જીવનમાં જે કષ્ટો, દુખો કે વિઘ્નો આવે છે તે બધા અશુભ કર્મના ઉદયે જ આવે છે. જેમ આગ વિના ધૂમાડો થવો અશક્ય છે તેમ અશુભ કર્મના ઉદય વિના દુખના ભાગી બનવું પણ અશક્ય છે.*

**१३९१. असुभ ( ह ) विवाग - अशुभविपाक ( न. )**

*(અશુભ પરિણામ આપનાર કર્મ)*

*જેમ શિયાળાની ઋતુ ઠંડીનો અહેસાસ કરાવે છે. ઉનાળાની ઋતુ ગરમીનો અહેસાસ કરાવે છે. તેમ જીવને જે ભય, રોગ,*

આતંકાદિ દુખનો અનુભવ થાય છે. તે અશુભ કર્મના ઉદયનો પરિણામ છે. જેમ કેટલાક કર્મો સુખનો અનુભવ કરાવે છે. તેમ અશુભ પરિણામ આપનારા કર્મો જીવને અશાતારૂપ દુખનો અનુભવ કરાવનારા હોય છે.

**१३९२. असुभा ( हा ) - अशुभा ( स्त्री. )**

*(પાપ કર્મની પ્રકૃતિ, અશુભ પરિણામ આપનાર કર્મપ્રકૃતિ)*

**१३९३. असुभा ( हा ) णुप्पेहा - अशुभानुप्रेक्षा ( स्त्री. )**

*(સંસારના અશુભપણાનું ચિંતન કરવું તે)*

*સંસારનો લાભ કરાવે તે કષાય. ઠાણાંગજી સૂત્રમાં લખ્યું છે કે અસંયમિત ક્રોધ અને માન તથા નિરંતર વૃદ્ધિને પામતા માયા અને લોભ સંસારની પુનરુત્પત્તિરૂપ વૃક્ષનું સિંચન કરનારા છે. આ પ્રકારના સંસારના અશુભપણાની ચિંતવના તે અશુભાનુપ્રેક્ષા છે.*

**१३९४. असुय - अश्रुत ( त्रि. )**

*(નહિ સાંભળેલ, શ્રવણને અગોચર)*

*પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં દશ આશ્ચર્યોમાં એક આશ્ચર્ય અસંયતિપૂજાનું વિવરણ કરતાં લખ્યું છે કે નવમાં ભગવાન સુવિધિનાથ અને દસમાં શીતલનાથ ભગવાનના વચ્ચેના કાળમાં જિનધર્મની એવી હાનિ થઈ કે જિન એવો શબ્દ પણ શ્રવણને અગોચર અર્થાત્ સાંભળવામાં નહોતો આવતો. તેવા સમયમાં અંધશ્રદ્ધાના માધ્યમે અસંયતિઓની પૂજા થવા લાગી. જે ક્યારેય ન બને એવું બન્યું માટે તેને આશ્ચર્યની કક્ષામાં મૂકવામાં આવ્યું.*

**१३९५. असुयणिस्सिय - अश्रुतनिश्रित ( न. )**

*(સાંભળ્યા કે અનુભવ્યા વિના બુદ્ધિથી થતું જ્ઞાન, ચાર પ્રકારની બુદ્ધિ)*

*શાસ્ત્રમાં શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત એમ બે પ્રકારના જ્ઞાન કહેલા છે. જે જ્ઞાન ગુરુની દેશના કે શાસ્ત્રાભ્યાસથી થાય તે શ્રુતનિશ્રિત કહેવાય છે. પરંતુ કોઈપણ પ્રકારના શાસ્ત્રાભ્યાસ કે દેશનાદિ સાંભળ્યા વિના ઔત્પાતિકી આદિ બુદ્ધિએ જે જ્ઞાન થાય છે. તે અશ્રુતનિશ્રિત કહેવાય છે. ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિનો આ અશ્રુતનિશ્રિત જ્ઞાનમાં સમાવેશ થાય છે.*

**१३९६. असुर - असुर ( पुं. )**

*(૧. ભવનપતિ અને વાણવ્યંતર જાતિના દેવ ૨. અસુરકુમાર દેવતા)*

*તિર્છાલોકથી એકલાખ એંસીહજાર યોજન નીચે ભવનપતિ જાતિના દેવોના આવાસો આવેલ છે. આ ભવનપતિ કુલ દસ પ્રકારના કહેલા છે. તે ભવનપતિ દેવો તેમજ વાણવ્યંતર જાતિના દેવો અસુર તરીકે લોકમાં પ્રસિદ્ધ છે. ભવનપતિ દેવો સ્વભાવે નવયુવાનોની જેમ ઉચ્છૃંખલ, મસ્તીખોર અને મજાકીયા સ્વભાવવાળા કહેલા છે. આથી તેમના નામોની પાછળ કુમાર શબ્દ જોડવામાં આવે છે. જેમ કે અસુરકુમાર, નાગકુમાર વગેરે.*

**१३९७. असुरकुमार - असुरकुमार ( पुं. )**

*(ભવનપતિ દેવોનો એક ભેદ)*

**१३९८. असुरदार - असुरद्वार ( न. )**

*(અસુરોના આવાસરૂપ સિદ્ધાયતનનું દક્ષિણ દ્વાર)*

**१३९९. असुरसुर - असुरसुर ( पुं. )**

*(સુર સુર એવા શબ્દરહિત)*

*ગ્રંથોમાં લખ્યું છે કે ખાતા કે પીતા કચરપચર કે સુર સુર વગેરે શબ્દો કરવા તે રાગના પોષક છે. તેનાથી આહાર પ્રત્યેની આસક્તિ છતી થાય છે. માટે શ્રમણે તેવા પ્રકારના શબ્દોથી રહિત આહાર વાપરવો જોઈએ. અર્થાત્ ભોજન લેતી વખતે તેવા શબ્દોનો કે પછી તેવા અવાજ કરનારા આહારનો ત્યાગ કરવો જોઈએ.*

**१४००. असुरिंद - असुरेन्द्र ( पुं. )**

*(અસુરકુમાર દેવોના ઇંદ્ર, ચમરેન્દ્ર અને બલેન્દ્ર)*